Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૧૯-૫૨-૨

# श्री जैन सत्य प्रकाश

તંત્રી

ચીમનલાલ ગોકળદાસ શાહ



રાણકપુરના ધરણવિહારના શિખરનું ભવ્ય દૃશ્ય

શ્રીયશોવિજય જૈન ગ્રંથમાળા-ભાવનગરના સૌજન્યથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# विषय–दर्शन


| વિષય : | લેખક : | પૃષ્ઠ : |
|---|---|---|
| ૧. એક સચિત્ર કલ્પસૂત્ર ( સં. ૧૫૬૫ )ની પ્રશસ્તિ. | ડૉ. બનારસીદાસ જૈન એમ. એ. પીએચ. ડી. | ૨૫ |
| ૨. જૈન સમાજને ચેતવણી : | પં. શ્રીલાલચંદ્ર ભ. ગાંધી : | ૨૭ |
| ૩. એક કેન્દ્રસ્થ સંસ્થા : | શ્રીયુત મોહનલાલ દી. ચોકસી : | ૨૮ |
| ૪. ભેદજ્ઞાન : | શ્રીયુત વસંતલાલ કાંતિલાલ બી. એ. | ૩૦ |
| ૫. કેટલીક જૈન અનુશ્રુતિઓ અને પુરાતત્ત્વ : | ડૉ. મોતીચંદ્ર, એમ.એ. પીએચ. ડી. | ૩૧ |
| ૬. આપણાં મહાજનો : | શ્રીયુત રતિલાલ મફાભાઈ શાહ : | ૩૬ |
| ૭. સ્નાત્રપૂજા : | પૂ. પં. શ્રીધુરંધરવિજયજી : | ૩૮ |
| ૮. જીવનશોધનનાં સોપાન સંબંધી જૈન તેમજ અજૈન મંતવ્યો. | પ્રો. શ્રીહીરાલાલ ર. કાપડિયા : | ૪૧ |
| ૯. પ્રશ્નોત્તર–કિરણાવલી : | પૂ. આ. શ્રીવિજયપદ્મસૂરિજી : | ૪૬ |
| ૧૦. નિમણૂંક : | | ટાઇટલ પેજ બીજું : |
| ૧૧. નવી મદદ : | | ,, ,, ત્રીજું : |




## જૈ. ધ. સ. પ્ર. સમિતિમાં પાંચમા પૂજ્યની નિમણૂંક

જૈનધર્મ સત્ય પ્રકાશક સમિતિમાં પૂ. આ. શ્રી. સાગરાનંદસૂરીશ્વરજીના કાળધર્મ પામવાથી તેમના ખાલી પડેલા સ્થાને ચાર પૂજ્યોની સમિતિએ એક ઠરાવ દ્વારા પૂ. આ. શ્રી. ચંદ્રસાગરસૂરીશ્વરજી મ. ની સર્વાનુમતે નિમણૂંક કરી છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

॥ ॐ अर्हम् ॥

अखिल भारतवर्षीय जैन श्वेताम्बर मूर्तिपूजक मुनिसम्मेलन संस्थापित

श्री जैनधर्म सत्यप्रकाशक समितिनुं मासिक मुखपत्र

जेशिंगभाईनी वाडी : घीकांटा रोड : अमदावाद (गुजरात)

| वर्ष : १८ | विक्रम सं. २००९ : वीर नि. सं. २४७९ : ई. स. १९५२ | क्रमांक |
|---|---|---|
| अंक : २ | कार्तिक वद १३ : शनिवार : १५ नवेम्बर | २०५ |

# एक सचित्र कल्पसूत्र (सं० १५६५)की प्रशस्ति

संग्राहक :-डॉ० बनारसीदास जैन एम्. ए. पीएच्. डी.

जीरा (जिला फीरोज़पुर, पूर्वी पंजाब)के जैन भंडारमें सचित्र कल्पसूत्रकी एक प्रति है जिसमें लगभग १५ चित्र हैं। इसकी पत्र-संख्या १२८ है। प्रशस्ति इस प्रकार है-

ॐ

श्रीमान् जगज्जीवनजीवनाभो, बभूव वर्यो व्यवहारिवर्गे ।
श्रीधर्म्मकृत्ये प्रसितः प्रसिद्धः, कीर्त्या सुमत्या भुवि चण्डसिंहः ॥ १ ॥

तस्याङ्गजोऽजनि निजाऽन्वयदीपदीप्रः,
सिद्धाचले कृतसुविस्तरसप्तयात्रः ।
श्रीअर्बुदाचलविनिर्मितचैत्यभक्तिः,
श्रीपेथडाभिधमहापुरुषप्रवीणः ॥ २ ॥

तस्याऽन्वयेऽतिविमले मण्डलिकसंघनायको जयति ।
विमलाचलोज्जयन्ते वित्तं सफलीकृतं येन ॥ ३ ॥
श्रीजैनशासनरतस्तस्य सुतष्टाइयाभिधो धीमान् ।
यस्योभयपक्षसिता वरमणकाई जनी जज्ञे ॥ ४ ॥
तत्कुक्षिशुक्तिमौक्तिकमणितुल्या बान्धवास्त्रयो भान्ति ।
परबत-डूंगर-नरवदनामानः संघकार्यवरधुर्याः ॥ ५ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



तषां मध्ये पर्वतनामा सत्यवती सदा सुयशाः ।
संघपतिलब्धशोभः सहस्रवीरादिपुत्रपरिवारः ॥ ६ ॥
सुगमागमशुभभक्तिर्बिम्बपदस्थापनादिनिहितवसुः ।
भार्यालक्ष्मीरमणः संघेशो जयति जगति चिरम् ॥ ७ ॥ युग्मम् ॥
मदनसमः कमलास्यः कमलालीलः कलादिभृदिव सौम्यः ।
मंगादेवीकान्तः संघपतिर्डूंगरः श्राद्धः ॥ ८ ॥
कान्हाभिधवरपुत्रः परोपकृतये सदोद्यतो नन्द्यात् ।
प्राग्वाटवंशतिलको राजसभालब्धबहुमानः ॥ २४[1] ॥ युग्मम् ॥
दीप्यदागमगच्छे श्रीजयानन्दगुरोः क्रमे ।
श्रीमद् विवेकरत्नाख्यसूरीणामुपदेशतः ॥ २५[2] ॥
ताभ्यां पर्वतडूंगरनामभ्यां कल्पपुस्तिकाः सर्वाः ।
श्रीज्ञानभक्तिवृद्ध्यै जयन्तु ता लेखिताः सुचिरम् ॥ ११ ॥
विक्रमसमयातीते वर्षे बाणर्त्तुतिथिमिते तपसि ।
सितपञ्चम्यां शुक्रे लेखितः श्रीकल्पपुस्तिकाः सकलाः ॥ १२ ॥ ॥ शुभं भवतु ॥

---

१–२ यहां २४, २५ के स्थानमें ८, १० होना चाहिये ।

[ અનુસંધાન પૃષ્ઠ : ૨૭નું ચાલુ ]

અપૂજ્ય રહે, એની આશાતના થાય; એથી જૈન-સમાજની લાગણી દુભાય–એ સ્વાભાવિક છે. ‘આબૂ’ ના જૈનમંદિરોમાં વિઝીટરો ચામડાના બૂટ વગેરે પહેરીને ન જાય, એ સંબંધમાં એણે સતત પ્રયત્ન કરેલો. અનેક ઉથલ-પાથલો, રાજ્ય—ક્રાંતિઓ અને આસમાની-સુલતાની વિષમ કાલ-ચક્રના કારણે પડી ગયેલાં, ખંડિત થઈ ગયેલાં કે દટાઈ ગયેલાં આપણાં પ્રાચીન ગૌરવરૂપ મંદિરો-મૂર્તિઓ આદિ સ્મારકો સદ્ભાગ્યે પ્રકટ થાય, તો તેને આપણે આજના પ્રજા-સ્વાતંત્ર્યના યુગમાં સુયોગ્ય સ્થળે સન્માન-પૂર્વક સુરક્ષિત કરી પુનઃ પ્રતિષ્ઠિત કરવાં જોઈએ. એ રીતે શ્રી જૈન શ્વે. કોન્ફરન્સનો ‘જૈનસંસ્કૃતિ-રક્ષણ’ નામનો ઠરાવ સાર્થક થશે. એ સંબંધમાં હિંદુસ્તાનના સમસ્ત શ્વેતાંબર મૂર્તિપૂજક જૈનકોમના પ્રતિનિધિ ગણાતા શેઠ આણંદજી કલ્યાણજીના શુભ પ્રયત્નની સૌ આશા રાખે. એના માનનીય પ્રમુખ શેઠ કસ્તુરભાઈ અત્યંત વ્યવસાયી હોવા છતાં પરદેશમાંથી પાછા ફર્યા પછી આ તરફ ઉચિત પ્રયત્ન કરશે તેમજ જૈનસમાજના વ્યાખ્યાન-વિશારદ માનનીય આચાર્યવર્યો આદિ નેતાઓ પણ આ સંબંધમાં જૈન-સમાજને જાગૃત કરી સમયોચિત કર્તવ્ય બજાવશે, એવી વિજ્ઞપ્તિ છે. વિક્રમની ૧૪ મી સદીના દિલ્હીશ્વર સુલતાન તમા મહમ્મદ તઘલકના જમાનામાં શ્રી. જિનપ્રભસૂરિજીએ તુગુલકાબાદના શાહી-ખજાનામાં રખાયેલી જૈનપ્રતિમાને પંદર મહિના પછી પણ સન્માન-પૂર્વક પાછી મેળવી હતી અને તેને સુલતાન તરફથી અપાયેલી ભટ્ટારક-સરાઈમાં બહુમાન-પૂર્વક પ્રતિષ્ઠિત કરી હતી–તેનું સ્મરણ કરાવું છું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જૈન સમાજને ચેતવણી

લેખક : શ્રીયુત પં. લાલચંદ્ર ભગવાન ગાંધી

**જૈન**-બંધુઓને સ્મરણમાં હશે કે, આજથી લગભગ દોઢ વર્ષ પહેલાં વડોદરા પાસેના પ્રાચીન સ્થળ આ કોટામાંથી એક હજાર વર્ષ પહેલાંની શ્વેતાંબર જૈન પ્રતિમાઓ પ્રકટ થઈ હતી, તેમાંથી થોડી (૯) પ્રતિમાઓ જે હું અન્ય સ્થળેથી જોઈ શક્યો, તેનો તાત્કાલિક પરિચય મેં સ્થાનિક 'સયાજીવિજય' માં, તથા 'જૈન' માં, અને અમદાવાદથી પ્રકટ થતા માસિક 'જૈન સત્ય પ્રકાશ' ના ૧૬મા વર્ષના ૧૦મા અંકમાં પ્રકાશિત કરાવ્યો હતો. તેના અંતમાં મેં એવી અભિલાષા-સૂચના પણ કરી હતી કે–"પ્રાચીન જૈનાચાર્યોના ઉપદેશથી તૈયાર થયેલી અને ભક્ત શ્રીમંત શ્રાવકોએ તૈયાર કરાવેલી, ભક્તિથી પૂજાતી આવી જૈન પ્રતિમાઓ ફરીથી વડોદરાના જૈનમંદિર જેવા પવિત્ર સ્થાનમાં સન્માન-પૂર્વક પ્રતિષ્ઠિત થઈ પૂજાતી રહે-સુરક્ષિત રહે અને કલાપ્રેમીઓને તથા પુરાતત્ત્વપ્રેમીઓને પણ તેમના અભ્યાસમાં ઉચ્ચ પ્રેરણાઓ આપી આનંદ-પ્રમોદ આપે-તેમ ઇચ્છીશું." –એ પછી બીજી પચાસ જેટલી અખંડ પ્રાચીન પ્રતિમાઓ અને સૌથી વધારે પ્રતિમાઓના પરિકરો અને અવશેષોનો સંગ્રહ પ્રકટ થયેલો જાણવામાં આવ્યો, જેમાં જૈન-સમાજનો પ્રાચીન ગૌરવભર્યો ઇતિહાસ સંકળાયેલો છે; પ્રાચીન જૈન-સંસ્કૃતિના એ પ્રત્યક્ષ પૂરાવા છે. હજારથી દોઢ હજાર વર્ષ જેટલી જૂની જૈન શિલ્પકળાના આધારો છે, જૈનોની દેવ-ભક્તિ અને ધર્મ-પ્રેમને સૂચવનારાં એ આધારભૂત પ્રમાણો છે. શ્વેતાંબર જૈન-સમાજના પ્રાચીન ઉજ્જવલ ઇતિહાસને પ્રકાશમાં લાવનારી મહત્ત્વની વસ્તુઓ છે. મૂર્તિ-પૂજાની પ્રાચીનતાને સાબિત કરનારી ચોક્કસ નિશાનીઓ છે. આમ તો હજાર વર્ષ પછીની ધાતુ-મૂર્તિઓ ઘણી મળી આવે છે, ઘણાં જૈનમંદિરોમાં તેનાં દર્શન-પૂજન થાય છે, પરંતુ હજાર વર્ષ પહેલાંની-દોઢ હજાર વર્ષ જેટલી જૂની આવી ભવ્ય શિલ્પકલામય મનોહર જૈનપ્રતિમાઓ બહુ થોડી જોવા-જાણવામાં આવી છે. દિલ્હી અને મુંબઈ સાથે સંબંધ ધરાવનારા પુરાતત્ત્વખાતાના સંચાલક અધિકારીઓએ, વડોદરા-યૂનિવર્સિટીના એ વિભાગના કાર્યકર્તાઓએ અને મૂર્તિશાસ્ત્રના અભ્યાસીઓએ એ મૂર્તિઓના ફોટાઓ લઈ લીધા છે, તથા તેને મળતા પ્રાચીન નાગરી અને અન્ય લિપિવાળા લેખોના પણ ફોટાઓ લઈ લીધા છે અને તે પ્રતિમાઓને પોતપોતાના લાગવગવાળાં સ્થળમાં, મ્યૂઝિયમ આદિ સંગ્રહમાં રાખવા-રખાવવા પ્રયત્ન કરી રહ્યા હતા. એ સંબંધમાં ૧૮૭૮ નો જૂનો 'ટ્રેજર ટ્રોવ એક્ટ' નામનો સરકારી કાયદો બતાવાય છે. જાણવા પ્રમાણે હાલમાં જીલ્લા કલેક્ટરના હુકમથી એ જૈનોની પૂજ્ય પ્રતિમાઓને વડોદરાના મ્યૂઝિયમમાં રાખવામાં આવી છે. કેટલાક વખત પહેલાં વડોદરા-જૈનસંઘના સ્થાનિક આગેવાનો એ પ્રતિમાઓ મેળવવા માટે કલેક્ટર સાહેબને ડેપ્યુટેશનના રૂપમાં મળ્યા હતા, અને આશા હતી કે તેનું સંતોષકારક પરિણામ આવશે, પરંતુ ઉપર પ્રમાણે પરિણામ આવ્યું જણાય છે. આ સંબંધમાં ઘણાને કદાચ ખબર પણ નહિ હોય, ઘણાએ એ સંબંધમાં વિશેષ જાણવાની, કે ખંતથી વિશેષ પ્રયત્ન કરવાની દરકાર કરી લાગતી નથી. નવીન પ્રતિમાઓ અને નવીન મંદિરોના નિર્માણ કરાવવામાં ઉત્સાહ ધરાવતા જૈન-સમાજે આવી પ્રાચીન પ્રતિમાઓ તરફ ઉપેક્ષા કરી, અથવા યથાયોગ્ય સ્તુત્ય પ્રયત્ન કર્યો નહિ. એમ કહેવાશે. પ્રતિષ્ઠિત પૂજ્ય દેવોની મૂર્તિઓ

[ જુઓ : અનુસંધાન પૃષ્ઠ : ૨૬ ]

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# એક કેન્દ્રસ્થ સંસ્થા

લેખક :–શ્રીયુત મોહનલાલ દીપચંદ ચોકસી

**આ**પણે ચક્ષુ સામે બની રહેલા બનાવો પ્રતિ દુર્લક્ષ્ય દાખવશું તો સમજી લેવું કે આપણી પાસે પૂર્વજોનો શિલ્પકળાના ધામ સ્વરૂપે જે અમૂલો વારસો છે તે ન તો સાચવી શકીશું કે ન તો એને વિનષ્ટ થતો બચાવી શકીશું. આજે દેશમાં આઝાદી આવ્યા પછી જે વાતાવરણ સર્જાયું છે એ જૈન સમાજ અને એમાં પણ આપણા શ્વેતાંબર સંપ્રદાય માટે ખાસ વિચારણીય છે. જ્યારથી ભારતવર્ષ હિંદુસ્તાન અને પાકીસ્તાન રૂપે બે ભાગોમાં વહેંચાઈ ગયું ત્યારથી આપણાં જે દેવમંદિરો–એમાં સ્થાપન કરેલી કળામય મૂર્તિઓ–કરાંચી અને પૂર્વ પંજાબના શહેરો જેવાં કે ગુજરાંવાળા, મુલતાન, લાહોર આદિમાં હતી તે આપણે ગુમાવી બેઠા, એટલું જ નહીં પણ એનું તેમજ એ સ્થાનોનું શું થયું તે પણ આપણે જાણતા નથી. જ્યાં આ દશા નજર સામે ડોકિયાં કરતી હોય ત્યાં એ પર કબજા કે માલિકી હક્કની વાત કરવી અગર તો ત્યાં જઈ આપણામાંના થોડા ભાઈઓએ વસવાટ કરવો એ શક્ય નથી જ. હા, એટલું આપણું સદ્‌ભાગ્ય છે કે જે આપણા હાથમાંથી આજે ચાલ્યું ગયું છે એમાં કોઈ તીર્થસ્થળ વિદ્યમાન નથી અને નથી કોઈ ઐતિહાસિક યા પ્રાભાવિક સ્થાન. બાકી એ અંગે ખરચાયેલી રકમનો કિંવા એ પાછળ રમણ કરી રહેલી ભાવનાનો આંક મૂકવો પાલવે તેમ નથી જ. ખેર એ થયું અને આપણે જોયું તે ઉપરથી તો બોધપાઠ ગ્રહણ કરવામાં ન આવે તો આપણા સરખા પ્રમાદી અથવા તો દેશ–કાળના એંધાણ પારખવામાં બેદરકાર અન્ય નહીં લેખાય. કથાનકમાં આવતી પેલી શેઠ–શેઠાણીવાળી વાત ભવિષ્યનો ઇતિહાસકાર આપણા શિરે ચોંટાડશે અને કહેશે કે– 'શેઠાણીએ ચોરો માલ લઈ ગામ બહાર નીકળી ગયા ત્યાં સુધી શેઠનું જાણપણું જોયું, આખરે એ સત્ત્વહીન લાગ્યું એટલે કહી દીધું કે—સ્વામિન્, તમારા જાણપણામાં ધૂળ પડી.' એ મુજબ ગાંધીયુગના જૈનો પણ નેત્રો સામે પંજાબનો હત્યાકાંડ જોયા છતાં–એમાં કીમતી વારસો ગુમાવ્યા છતાં–ભારતવર્ષમાં પોતાના વિખરાયેલા–એમના ધર્મનિષ્ઠ અને સાહસશિરોમણિ એવા–ભામાશાહ જગડુશાહ કે વિમળશા યા તો વસ્તુપાળ–તેજપાળના મૂલ્યવાન વારસાને સંગઠિત બની સાચવી ન શક્યા!

નવા બંધારણ હેઠળ પ્રાંતિક સરકારો ઘણી રીતે પોતાનો વહીવટ સ્વતંત્રપણે કરવાની સત્તા ધરાવે છે. આપણી કલ્યાણકભૂમિઓ આપણા કળાના ધામસમા અને કારીગરીમાં અજોડ ગણાતા દેવમંદિરો એવા પ્રાંતોમાં આવ્યા છે કે જ્યાં એક કાળે આપણી સંખ્યા વિશેષ હતી પણ આજે એમાં ઘણો ઓટ આવ્યો છે. આપણા સદ્‌ભાગ્યે આ સ્થળોમાં જે થોડા ઘણા જૈન ભાઈઓ વસે છે એમાં હજુય ધર્મપ્રેમ જાગૃત છે એટલે વહીવટીતંત્ર ચાલ્યા કરે છે, જો કે જીર્ણોદ્ધાર અને મરામત આદિના પ્રસંગોમાં એ કાર્યવાહકોને આજે મુંબઈ અમદાવાદ યાને ગુજરાત–સૌરાષ્ટ્ર તરફ નજર નાખવી જ પડે છે! પૂર્વ કાળની સમૃદ્ધિ પાના–પુસ્તકોમાં નોંધાયેલી છે તે આજે ત્યાં રહેવા પામી નથી. એક તરફ પડતા કાળના આ ચિહ્નો દૃષ્ટિગોચર થાય છે ત્યારે બીજી તરફ શિલ્પ–સ્થાપત્યનાં આવાં ઐતિહાસિક સ્થળોનો વહીવટ સુવ્યવસ્થિત રાખવાના અને સંરક્ષણ કરવાના ઓઠા હેઠળ પ્રાંતિક સરકારો એ માટે ખાતું ઊભું કરવા ધારે છે. આપણે સારી રીતે જાણીએ છીએ કે આજની ધારાસભામાં બિરાજતા મોટા ભાગના સભ્યોમાં ધર્મપ્રેમ ધર્મશ્રદ્ધા અગર તો પૂર્વની આપણી સંસ્કૃતિ માટે કેટલું બહુમાન છે! ખાતું ઊભું થાય અને એ અંગે વસ્તીના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ધોરણે પ્રતિનિધિત્વ મળે. એ સમિતિમાં આપણો અવાજ કેવો રહેવા પામે! વળી એના ખરચનો બોજો તો 'ટ્રસ્ટએક્ટ' માફક આપણા શિરે પડવાનો જ. આ જાતની હીલચાલ અગાઉ બિહાર પ્રાંતમાં થઈ હતી અને રાજસ્થાનમાં મોજુદ છે. શ્રીકેશરિયાનાથના પ્રખ્યાત તીર્થમાં આજે આપણે કેવી હાલાકી ભોગવીએ છીએ તે ભાગ્યે જ કોઈ જૈનથી અજાણ્યું હશે. આપણે જૈનોએ ગૂજરાત અને સૌરાષ્ટ્રમાં પ્રવર્તતી સારી સ્થિતિથી રાચી ન જતાં મારવાડ, મેવાડ, માલવા અને બંગાળ આદિ પ્રદેશોમાં દૃષ્ટિ ફેંકવાની અગત્ય છે. બિહારમાં આવેલ 'પાવાપુરી' તીર્થની વાત બાજુ પર રાખીએ તો રાજગૃહી અને અન્ય નગરીઓ આજે જીર્ણ દશામાં છે. બંગાળમાં પણ બાબુ સાહેબોની જમીનદારી પર કાયદાનાં બંધન આવતાં, પહેલા જેવી સ્થિતિ રહી નથી. અજિમગંજ અને જીયાગંજ જ્યાં સ્ફટિકની મૂર્તિઓ, સુવર્ણની પ્રતિમાઓ અને નિલમનાં બિંબો હતાં ત્યાં આજે એ છે છતાં પહેલાના જેવા પૂજનારા રહ્યા નથી. વ્યવસ્થામાં પણ પલ્લુ ઊંચું જાય છે! કારણ કે યુવાન અને પ્રૌઢ વર્ગ ધંધાર્થે કલકત્તા જેવા મોટા શહેરમાં પહોંચી ગયો છે. સંયુક્ત પ્રાંતોમાં આવેલા અયોધ્યા, રત્નપુરી, બનારસ કે એની નજીકની ચંદ્રપુરી, સિંહપુરી ઘણો ઘણો મહત્ત્વનો ઇતિહાસ આપણા નેત્રો સામે રજુ કરવા છતાં વસ્તી અને વૈભવ ઘટવાના કારણે એમાં પૂર્વ કાળનાં નૂર રહ્યાં નથી અલબત્ત મુંબઈ–અમદાવાદની જીર્ણોદ્ધાર કમિટિ દ્વારા અયોધ્યાનો જીર્ણોદ્ધાર થયો છે છતાં ઘણું કરવાનું બાકી રહે છે. બનારસમાં ભેલુપુર, ભદૈનીઘાટ, ચંદ્રપુરી અને સિંહપુરી પાકા પાયાનો જીર્ણોદ્ધાર માગે છે. આ બધી કલ્યાણકભૂમિઓ એ આપણા ધર્મની પ્રાચીનતા પુરવાર કરનારાં મહામૂલાં સાધનો સમી છે, એ પાછળ સંગઠિત બળથી પૂરતું લક્ષ્ય પણ નહીં આપીએ તો જેમ આજે શ્રાવસ્તી અને કૌશામ્બી મિથિલા અને ભદ્દિલપુર નામશેષ બની ગયાં તેમ અહીં પણ એ દશા આવવાની. અયોધ્યા ને રત્નપુરીમાં એક પણ જૈન ઘર નથી રહ્યું, એ હિસાબે બનારસ થોડી વસ્તી ધરાવે છે. આ બધાં આપણાં મહત્ત્વનાં તીર્થસ્થાનો છે. સાધનના સદ્ભાવે એ તરફ યાત્રાળુ વર્ગને જવાનું થતાં તેમજ એ અંગે વખતોવખત ઊહાપોહ થતાં સ્થિતિમાં સાધારણ સુધારણા થતી રહી છે. સ્થાનિક વહીવટદારો સાર–સંભાળ રાખે છે અને ખાસ ફરિયાદનું કારણ ન હોવા છતાં એ સર્વને એક કેન્દ્રસ્થ સંસ્થાના સંરક્ષણ હેઠળ વ્યવસ્થિતપણે મૂકવાની જરૂર છે. ઉપર દર્શાવ્યું તેમ પ્રાંતિક સરકારોના કાનૂનો આપણા ઉપર લદાતાં પૂર્વે આપણે આપણાં તીર્થો–દેવાલયો અને જ્ઞાનભંડારો ભારતવર્ષના સકળ સંઘોનું પ્રતિનિધિત્વ ધરાવતી મધ્યસ્થ સંસ્થાની માલિકી હેઠળ એ સર્વને બંધારણપૂર્વક આણી દેવાની અગત્ય છે. આજે પણ જ્યારે કોઈ પ્રાંતનો એવો કાયદો આવે છે ત્યારે આપણા તે તે સ્થાનના વહીવટદારો સરકારમાં જણાવે છે કે તેઓ માત્ર સ્થાનિક વહીવટ કરનારા છે. બાકી તીર્થ કે દેવાલયનો સાચો માલિક તો ભારતવર્ષનો સકળ સંઘ છે. આ વાત સો ટકા સાચી છે કેમકે એ દરેક સ્થાનોમાં ભારતની ચારે દિશામાં વસતા યાત્રિકો તરફથી કંઈ ને કંઈ–નાની કે મોટી–ભેટ ભક્તિરૂપે ધરવામાં આવેલી છે. પાવાપુરીના પ્રશ્ન ટાણે આ મુદ્દો ઊભો કરીને આપણે એ તીર્થનો વહીવટ બીજાના હાથમાં જતો અટકાવી શક્યા. પણ એથી ભાવિ ભણકારા વણસાંભળ્યા કરવાના નથી જ. સકલ સંઘ કહેવા માત્રથી કામ નહીં ચાલી શકે. સંઘને બંધારણવાળી સંસ્થારૂપે સરકાર માન્ય રાખે તેવું તંત્ર ઊભું કરવા સારુ એક કેન્દ્રસ્થ સંસ્થાની ખાસ આવશ્યકતા છે. શેઠ આણંદજી કલ્યાણજી દ્વારા એ કાર્ય થઈ શકે કે કેમ? અને એનો કાર્યપ્રદેશ કેવા પ્રકારનો સંભવી શકે એનો વિચાર હવે પછી—



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ભેદજ્ઞાન

લેખક :—શ્રીયુત વંસતલાલ કાંતિલાલ-ઈશ્વરલાલ બી. એ.

પ્રત્યેક વસ્તુનાં બે સ્વરૂપો છે. એક ભ્રમાત્મક ને બીજું સત્ય સ્વરૂપ. વસ્તુની સ્થૂલ બાજુને વળગીએ છીએ પણ સૂક્ષ્મ પરિચય મેળવતા નથી એટલે ભ્રમ ઉત્પન્ન થાય છે. કબીર આથી જ ગાય છે "ભ્રમકા તાલા લગા મહેલમેં પ્રેમકી કુંજી લગા" અર્થઃ– ભ્રમનું તાળું તારા મહેલમાં લાગ્યું છે તેને પ્રેમની કુંચીથી ઉઘાડ. વસ્તુની સ્થૂલ બાજુ કે બાહ્ય સ્વરૂપ છોડીને તે વસ્તુની સૂક્ષ્મ બાજુ કે આંતરસ્વરૂપમાં પ્રવેશવાથી ભ્રમનું જાળું ઊખડી જાય છે.

પ્રત્યેક બાહ્ય જ્ઞાન ભ્રમાત્મક છે. આંતરજ્ઞાન સત્યથી વિભૂષિત છે. બાહ્ય જ્ઞાન એટલે કેવળ માહિતીઓનો જ ભંડોળ. આંતરજ્ઞાન એટલે જ્યોતિર્દર્શન કે સત્યમય જીવનદષ્ટિ. બાહ્ય-જ્ઞાની બહુ બહુ તો પંડિતો કે શાસ્ત્રી થઈ શકે. આંતરજ્ઞાનવાળો તત્ત્વજ્ઞ ને સંતપુરુષ થઈ શકે.


બાહ્ય જ્ઞાનમાં વિષયોનું વૈવિધ્ય છે, ભૂસ્તરશાસ્ત્ર એટલે પૃથ્વીના પડળોનું સંશોધન કરતું શાસ્ત્ર. ઘોડાને કેમ ઉછેરવા તેનુંય શાસ્ત્ર છે. શ્વાસોશ્વાસથી લાભહાનિ કે સુખદુઃખ જાણવાનું શાસ્ત્ર સ્વરોદય શાસ્ત્ર પણ છે. બાહ્ય જ્ઞાનમાં આવાં અનેક શાસ્ત્રો છે. આંતર-જ્ઞાનમાં આવું વિષયોનું વૈવિધ્ય નથી. ત્યાં તો એક જ વિષય છે તે વિષય છે ભેદજ્ઞાનનો. સ્વ ને પરના ભેદજ્ઞાનનો. પોતાનું ને પારકું શું એ ઓળખનાર સૂક્ષ્મ દષ્ટિ એ છે આંતર-જ્ઞાનનો સાર.

નવ તત્ત્વોમાં બંધ, આસ્રવને છોડી સંવર, નિર્જરા ગ્રહણ કરવાનું જણાવ્યું છે. તેનું કારણ આ ભેદજ્ઞાન જ છે. બંધ ને આસ્રવ તે પારકું સ્વરૂપ–પરપરિણતિ છે. સંવર ને નિર્જરા આપણું સ્વરૂપ-સ્વપરિણતિ છે, તેથી જ તે ગ્રહણ કરવી જોઈએ. જેતવનમાં ભ૦ બુદ્ધે પણ શિષ્યોને આજ બોધ આપેલો કે, "વૃક્ષ પર પડતા કઠિયારાની કુહાડીના ઘા તમને વાગતા નથી. કારણ કે વૃક્ષ ને તમે ભિન્ન છો, એવી રીતે શરીરાદિ પંચ સ્કંધને તમે ભિન્ન ગણતાં શીખો. જે તમારું નથી તેનો ત્યાગ કરો." મહમ્મદ પયગમ્બરે જે મૂર્તિનો નાશ કરવાનું કહ્યું તે હિંદુમંદિરોની પાષાણમૂર્તિઓ નહોતી. મૂર્તિ એટલે ઈંદ્રિયગ્રાહ્ય ગુણો. સ્પર્શ રસ, રૂપ ગંધાદિ. તેનો નાશ થતાં ઈંદ્રિયાતીત આત્મગુણો પ્રકટે. મહમ્મદ મૂર્તિનો નાશ કરવાનું કહી ઈંદ્રિયગ્રાહ્ય ગુણો નાશ કરવાનું કહેતો. અને એનું કારણ એ કે દેહ ને ઈંદ્રિય પારકાં છે 'સ્વ'થી પર છે, તેને છોડવાં જ જોઈએ.

આવું 'સ્વત્વ' તેજ ઈશ્વરી તત્ત્વ છે. ધર્મ એટલે જ 'પર'માંથી 'સ્વ'માં ગતિ. 'પર'થી જેટલા દૂર તેટલા 'સ્વ'ની વધુ અંદર. આ સ્વત્વ એ જ ઈશ્વરી રાજ્ય છે, તેથી જ જિસસ ક્રાઈસ્ટ કહેતા "The kingdom of God is within you"—ઈશ્વરનું રાજ્ય તમારી અંદર છે. ભેદજ્ઞાન 'સ્વત્વ'ની પ્રાપ્તિ પર ભાર મૂકે છે ને 'પર' પદાર્થોનો ત્યાગ શીખવે છે. કારણ, નરકનો ભય કે સ્વર્ગનું પ્રલોભન નથી. ભેદજ્ઞાન 'સ્વ'ને ગ્રહવાનું ને 'પર'ને ત્યાગવાનું શીખવે છે. કારણ, 'સ્વ' એ પોતાનું છે, 'પર' તે પારકું છે. માનવ-સ્વભાવ જે 'સ્વ' છે તેને અપનાવવા કારણ શોધતો નથી તે 'પર' છે તેને છોડવા પણ કારણ શોધતો નથી. તેના સ્વભાવમાં ઊંડે જ એ સત્ય છુપાયું છે કે જે મારું નથી તે મારી બહાર ભલું રહો, ભેદજ્ઞાન છે આવી સ્વ ને પરના વિવેકની ફિલસુફી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# કેટલીક જૈન અનુશ્રુતિઓ અને પુરાતત્ત્વ

લેખક : ડૉ. મોતીચંદ્ર. એમ. એ. પીએચ. ડી.

[ ગતાંકથી ચાલુ ]

જેમ ઉપર કહી દેવામાં આવ્યું છે કે જૈન અનુશ્રુતિઓ એકસ્વરે પાદલિપ્ત અને મુરુંડોની સમકાલીનતા પર જોર દે છે. પણ પાદલિપ્તનો સમય નિર્ધારિત કરવા માટે એ જરૂરી છે કે, આપણે મુરુંડોનો ઇતિહાસ જાણીએ. ડૉ. બાગચીએ ઇંડિયન હિસ્ટ્રી કૉંગ્રેસના પ્રાચીન ઇતિહાસવિભાગના સભાપતિ તરીકે જે ભાષણ આપ્યું હતું ( ધિ પ્રોસીડિંગ્સ ઑફ ધિ ઇંડિયન કૉંગ્રેસ, સિક્સ્થ સેશન, ૧૯૪૩ ) તેનાથી મુરુંડોના ઇતિહાસ પર સારો પ્રકાશ પડે છે. ડૉ. બાગચી સ્ટેનકોનોના એ વિચાર સાથે સહમત નથી કે મુરુંડો શક હતા, તેઓ પુરાણોના એ મતનું સમર્થન કરે છે, જે અનુસારે મુરુંડો શકોથી ભિન્ન માનવામાં આવ્યા છે. ( એજન, ૩૯, ૪૦ )

મુરુંડોનો પત્તો સમુદ્રગુપ્તના અલાહાબાદના અભિલેખથી ચાલે છે. આ લેખમાં મુરુંડ ગુપ્તભૃત્ય માનવામાં આવ્યા છે. મુરુંડ શબ્દ ખોહના છઠ્ઠી શતાબ્દીવાળા તામ્રપત્રમાં પણ આવે છે. એમાં કહેવામાં આવ્યું છે કે ઉચ્છકલ્પના મહારાજ સર્વનાથની માતા મુરુંડદેવી અથવા મુરુંડસ્વામિની હતી. ( એજન, પૃ. ૪૦ )

પ્રો. સિલવન લેવીની શોધ અનુસાર પ્રાચીન ચીની ઇતિહાસમાં પણ મુરુંડોનું નામ આવે છે. સને ૨૨૨—૨૨૭ ની વચ્ચે એક દૂતમંડળ ફૂનાનના રાજા દ્વારા ભારતવર્ષમાં મોકલવામાં આવ્યું હતું. લગભગ ૭૦૦૦ લીની યાત્રા સમાપ્ત કરીને એ મંડળ ઇચ્છિત સ્થળે પહોંચ્યું. તત્કાલીન ભારતીય સમ્રાટે યૂનાનના રાજાને ઘણી વસ્તુઓની ભેટ મોકલી, જેમાં યૂચી દેશના ચાર ઘોડાઓ પણ હતા. ફૂનાન જનારા ભારતીય દૂતમંડલની મુલાકાત ચીની દૂત સાથે ફૂનાન દરબારમાં થઈ. ભારત સંબંધે પૂછતાં દૂતમંડલે જણાવ્યું કે ભારતના સમ્રાટની પદવી મિઉ-લુન હતી અને જ્યાં તે રહેતો હતો તે રાજધાની બે નગર—ખાઈઓથી ઘેરાયેલી હતી અને શહેરની ખાઇઓમાં નદીની નહેરોથી પાણી આવતું હતું. આ વર્ણન આપણને પાટલીપુત્રની યાદ અપાવે છે. ( એજન, પૃ. ૪૦ )

ઉપર્યુક્ત વર્ણનમાં આવેલો મિઉ-લુન ચીની ભાષામાં મુરુંડ શબ્દનું રૂપાંતર માત્ર છે.

ઘણાં પાકાં પ્રમાણો ન હોવા છતાં પણ એ તો કહી શકાય એમ છે કે, કુષાણ અને ગુપ્તકાળની વચ્ચે મુરુંડ રાજ્ય કરતા હતા, ટોલેમીની ભૂગોળ અને ચીની ઇતિહાસના આધારોથી એ જણાય છે કે, ઈસાની બીજી અને ત્રીજી શતાબ્દીમાં મુરંડો પૂર્વી ભારતમાં રાજ્ય કરતા હતા. ( એજન, પૃ. ૪૧ )

આ પ્રમાણોના આધારે પ્રો. બાગચી નિમ્નલિખિત નિર્ણયો ઉપર પહોંચે છે; "એ કહેવામાં કોઈ અટકાવ ન થવો જોઇએ કે મુરુંડો તુખારોની સાથે ભારતમાં આવ્યા અને તેમણે પૂર્વી ભારતમાં પહેલાં તુખારોના ભૃત્યરૂપે અને પાછળથી સ્વતંત્રરૂપે રાજ્ય-સ્થાપના કરી. યૂચી લોકોની સાથેનો સંબંધ તે ચાર યૂચી દેશના ઘોડાઓથી પ્રગટ થાય છે, જે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મુરુંડો દ્વારા કૂનાનના રાજાને ભેટ કરવામાં આવ્યા હતા. જ્યારે હેમચંદ્ર [સૂરિ] 'અભિધાન ચિંતામણિ'માં લંપાકો અને મુરુંડને એક માને છે ત્યારે એથી એ માની લેવું જોઈએ કે હેમચંદ્ર [સૂરિ] નો આધાર કોઈ પ્રાચીન સ્રોત હતું, જેને એ વિદિત હતું કે મુરુંડ લમઘાન થઈને આવ્યા. ભારતવર્ષ ઉપર ચડાઈ કરતાં શકોએ આ રસ્તો પકડ્યો નહોતો. શકો પૂર્વી ભારત સુધી પહોંચ્યા પણ નહોતા અને કોઈ પુરાણો ગ્રંથ પાટલીપુત્રની સાથે શકોનો સંબંધ બતાવતો નથી. આ બધી વાતો ઉપર ધ્યાન રાખતાં એ કહી શકાય કે, મુરુંડ કુષાણોની જેમ તુખારોનો એક પરિવાર હતો, જે કુષાણોના પતન અને ગુપ્તોના અભ્યુત્થાનના ઇતિહાસની વચ્ચે રહેલા ખાલી સમયભાગની પૂર્તિ કરે છે. આ વાત પુરાણકારોને માલૂમ હતી."

"આપણે મુરુંડોની સ્થિતિનું તુખારોની સાથોસાથ મધ્ય-એશિયામાં અધ્યયન કરી શકીએ છીએ. ગ્રીક અને રોમન લેખક, જેવા કે- સ્ત્રાબો, પ્લિની અને પેરિગેટ એક ફ્રિનોઈ નામક પરિવારનું નામ લે છે, જે તુખારોની આસપાસ રહેતો હતો. જો પ્લિનીની વાત સ્વીકારી તો ફ્રિનોઈ અથવા ફૂનિ અત્તકોરી પર્વતની દક્ષિણમાં રહેતા હતા, તુખાર અથવા તોખરિ ફ્રિનોઈની દક્ષિણે અને કસિરિ યા કાશ્મીર તુખારોની દક્ષિણમાં. ફ્રિનોઈનું સંસ્કૃતમાં મુરુંડ રૂપાંતર સારી રીતે થઈ શકે છે. પુરાણવાળાઓ મુરુંડ શબ્દ લખવામાં કંઈક અચકાતા હતા. ઉદાહરણાર્થ 'વાયુપુરાણ' જેના પાઠો ઘણા પ્રામાણિક છે, તે મુરુંડ ન લખતાં પુરંડ લખે છે." (એજન, પૃ૦ ૪૧) 'મત્સ્ય' 'વાયુ' અને 'બ્રહ્માંડ' પુરાણોના આધારે ચૌદ તુખાર રાજાઓની પછી, જેનો રાજકાળ ૧૦૭ અથવા ૧૦૫ વર્ષો સુધી સીમિત હતો, ૧૩ ગુરુંડ અથવા મુરુંડ રાજાઓએ 'મત્સ્યપુરાણ' અનુસાર ૨૦૦ વર્ષ સુધી અને 'વાયુ' 'બ્રહ્માંડ' અનુસાર ૩૫૦ વર્ષ સુધી રાજ્ય કર્યું પરંતુ પાર્જિટર મુજબ ૩૫૦ વર્ષ એ ૨૦૦ વર્ષનો અપવાદ છે; કેમકે 'વિષ્ણુ' અને 'ભાગવત' પુરાણોમાં મુરુંડનો રાજકાળ બરાબર ૧૯૯ વર્ષ આપ્યો છે. (પાર્જિટર, ડાયનેસ્ટિજ ઑફ કલિ એજ પૃ૦ ૪૪, ૪૫, લંડન, ૧૯૧૩) હવે પૌરાણિક કાળગણના અનુસાર તુખારોએ ૧૦૭ અથવા ૧૦૫ વર્ષ રાજ્ય કર્યું. જો તુખાર અને કુષાણ એક જ હોય તો કુષાણોનું રાજ્ય ૧૮૭ અથવા ૧૮૬ ઈ. સ. સુધી આવે છે. જો આ ગણનામાં આપણે મુરુંડ રાજ્યકાળનાં પણ ૨૦૦ વર્ષો જોડીએ તો મુરુંડોનો અંત લગભગ ૩૮૫ ઈ. સ. માં પડે છે. સમુદ્રગુપ્ત દ્વારા મુરુંડવિજય પણ આ જ કાળની આસપાસ આવી રહે છે.

હવે એક કઠણ પ્રશ્ન થાય છે કે, મુરુંડ રાજ્યકાળના ક્યા ભાગમાં પાદલિપ્ત[સૂરિ] થયા, કેમકે મુરુંડોનો રાજ્યકાળ ૧૮૫ ઈ. સ. થી ૩૮૫ ઈ. સ. સુધી રહ્યો છે અને મુરુંડ રાજાઓમાં કોઈને નામથી સંબોધિત કરવામાં આવ્યો નથી. 'અનુયોગ દ્વાર'ની અનુશ્રુતિ અનુસાર, જેનું વર્ણન ઉપર આવી ગયું છે તે પાદલિપ્ત[સૂરિ] નો સમય ઈ. સ. ની પહેલી શતાબ્દી આપે છે, જ્યારે મુરુંડો સ્વતંત્ર શાસક ન હોતાં કુષાણોના સેવક માત્ર હતા. પાટલીપુત્રના મુરુંડો અને પુરુષપુર (પેશાવર) ના કુષાણ રાજાઓમાં ઘનિષ્ઠ સંબંધ હતો, 'બૃહત્કલ્પસૂત્ર-ભાષ્ય' (ભા. ૩, ૨૨૯૧-૯૩) માં એક કથા છે જેમાં બતાવવામાં આવ્યું છે કે, મુરુંડરાજ દ્વારા પ્રેષિત દૂત પુરુષપુરના રાજાને ત્રણ દિવસ સુધી ન મળી શક્યો; કેમકે જ્યારે તે રાજાને મળવા નીકળતો હતો ત્યારે તેને કોઈ ને કોઈ બૌદ્ધ ભિક્ષુ મળી જતો હતો, જેને અપશકુન માનીને તે આગળ વધતો નહોતો. અંતે ખૂબ બંદોબસ્ત

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પછી દૂત રાજાને મળી શકયો. પ્રાસંગિક રૂપે આ ઘટનાથી આપણે જૈનો અને બૌદ્ધો વચ્ચેના વેરભાવનો પત્તો મેળવીએ છીએ, જેની ઝાંક આપણે એની ભાષામાં અનુવાદિત અશ્વઘોષના 'સૂત્રાલંકાર'ની એ કથામાં મેળવીએ છીએ કે, જેમાં કનિષ્ક ધાર્મિક હોવાના કારણે એક સ્તૂપને પ્રણામ કરે છે, પરંતુ સ્તૂપ વાસ્તવમાં જૈન હતો, જે કનિષ્કના પ્રણામ કરતાં જ તૂટી ગયો. કેમકે તેને રાજાના પ્રણામ કરવાનો ઉચ્ચ અધિકાર જ પ્રાપ્ત નહોતો ! (જી. કે. નરીમાન, લિટરરી હિસ્ટ્રી ઓફ સંસ્કૃત બુદ્ધિઝમ, પૃ. ૧૯૭, મુંબઈ, ૧૯૨૩) જો મહેન્દ્ર અને પાદલિપ્ત [ સૂરિ ] ની સમસામાયિકતા પણ બરાબર માનવામાં આવે તો પણ પાદલિપ્ત-[ સૂરિ ] નો સમય ઈ. સ. ની પહેલી સદી ઠરે છે. એ સમયે દાહડ નામે એક પાપી રાજા હતો, જે કોઈ પણ ધર્મની પરવા કરતો નહોતો, મહેન્દ્રે તેને દીક્ષિત કર્યો. 'પ્રભાવકચરિત'ના દાહડમાં અને 'તિત્થોગાલી' ના કલ્કી ચતુર્મુખમાં ઘણી સમાનતા જણાય છે અને જો એ બંને એક જ હોય તો પાદલિપ્ત[ સૂરિ ] નો સમય ઈ. સ. ની પહેલી શતાબ્દી બની શકે છે, જ્યારે પ્રાયઃ કુષાણના ધાર્મિક પક્ષપાતથી જૈનોને અનેક કષ્ટો સહન કરવાં પડયાં હોય. પરંતુ આ વિષયમાં બરાબર કહી ન શકાય. કેમકે મથુરામાં કંકાલી ટીલાના જૈન સ્તૂપના અભિલેખોથી એ પત્તો મળે છે કે કનિષ્કથી લઈને વાસુદેવના સમય સુધી જૈનો સ્વતંત્રતા-પૂર્વક પોતાના દેવો અને સ્તૂપની પૂજા કરી શકતા હતા.

મુનિ કલ્યાણવિજયજીએ મજબૂત તર્કો દ્વારા એ સિદ્ધ કરવાનો પ્રયત્ન કર્યો છે કે પાદલિપ્ત[ સૂરિ ] ઈ. સ. ની બીજી અથવા ત્રીજી શતાબ્દીમાં થયા જ્યારે કુષાણોનો મહા-માત્ર વિશ્વસ્ફાણિનું બિહાર પર રાજ્ય હતું. ડૉ. જાયસવાલ ( હિસ્ટ્રી ઓફ ઇંડિયા, પૃ. ૪૨ ) ના અનુસારે પુરાણોનો વિશ્વસ્ફાણિ, જેને વિશ્વસ્ફાટિ અને વિવસ્ફાટિ પણ કહેવામાં આવ્યો છે તે વનસ્ફર અથવા વનસ્પર હતો જેનો ઉલ્લેખ કનિષ્કકાલીન અભિલેખોમાં આવે છે. ( એપિ. ઇંડિ. ૮, પૃ. ૧૭૩ ). કનિષ્કના રાજ્યના ત્રીજા વર્ષના લેખોમાં જે વિષયમાં બનારસ હતું, તેનો વનસ્ફર ક્ષત્રપ હતો અને મહાક્ષત્રપ હતો ખરપલ્લાણ. વનસ્ફર પાછળથી ઈ. સ. ૯૦-૧૨૦ દરમિયાન મહાક્ષત્રપ બની ગયો હતો; એવું ડૉ. જાયસવાલનું અનુમાન છે. 'વાયુ' અને 'બ્રહ્માંડ' પુરાણ ત્રીજી શતાબ્દીના રાજકુળોનું વર્ણન કરતાં વિશ્વફાણિનો, નિમ્નલિખિત શબ્દોમાં ઉલ્લેખ કરે છે: "માગધોનો રાજા વિશ્વફાણિ ( ભાગવત-વિશ્વસ્ફૂર્તિ વાયુ-વિશ્વ-સ્ફટિક ) બહુ મોટો વીર થશે. બધા રાજાઓનું ઉન્મૂલન કરીને તે નિમ્ન જાતિના લોકોને જેવા કે—કૈવર્તો, પંચકો, ( બ્રહ્માંડ-મદ્રક, વિષ્ણુ-યદુ ) પુલિંદો અને બ્રાહ્મણોને રાજા બના-વશે. એ જાતિઓના લોકોને તે ઘણા દેશોનો શાસક નિયુક્ત કરશે. યુદ્ધમાં તે વિષ્ણુ જેવો પરાક્રમી થશે. ( ભાગવત અનુસાર તેની રાજધાની પ્રભાવતી હશે ) રાજા વિશ્વસ્ફાણિનું રૂપ પંઢની જેમ હશે. ક્ષત્રિયોનું ઉન્મૂલન કરીને તે બીજી ક્ષત્રિય જાતિ બનાવશે. દેવ, પિતૃ અને બ્રાહ્મણોને તુષ્ટ કરતો તે ગંગાના તીરે જઇને તપ કરતો શરીર છોડીને ઇંદ્રલોકમાં જશે ( પાર્જિટર, એજન, પૃ. ૭૩ ) વિશ્વસ્ફાણિનો 'તિત્થોગાલી' ના કલ્કિ સાથે મેળ ખાય છે. પુરાણોના મત અનુસાર તેને બ્રાહ્મણોનો આદર કરનારો કહેવામાં આવ્યો છે; પરંતુ એ કેવળ બ્રાહ્મણોની બ્રાહ્મણ-શ્રેષ્ઠતા સ્વીકાર કરાવનારી કપોલકલ્પના માલમ પડે છે; કેમકે વનસ્ફર જાતિને માનતો નહોતો અને ક્ષત્રિયોનો તો એ કટ્ટર વૈરી હતો. જો જાયસવાલનો અભિપ્રાય બરાબર હોય તો વનસ્ફરનો સમય ઈ. સન્ ૮૧-૧૨૦ સુધી હતો અને જો 'તિત્થો-



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગાલી 'નો કલ્કી અને વનસ્ફર એક હતા તો પાટલીપુત્રના પૂરનો સમય બીજી શતાબ્દીના પહેલા ચરણમાં રાખી શકાય એમ છે.

પુરાણુ સાહિત્ય, જૈન સાહિત્ય તથા ચીની સાહિત્યથી આપણુને બિહાર પર વિદેશી મુરુંડોના અધિકારનો પત્તો મળે છે, પરંતુ બિહારમાં પુરાતત્ત્વની પ્રગતિ સીમિત રહેવાથી તેની દ્વારા મુરુંડોના પ્રશ્ન પર વિશેષ પ્રકાશ પડી શક્યો નથી. વૈશાલીના ખોદકામથી એ પત્તો તો મળ્યો છે કે ઈરાની સભ્યતાનો પ્રભાવ બિહાર ઉપર પડી રહ્યો હતો, પરંતુ તે લાવનારા ખાસ ઈરાનીઓ હતા અથવા શક-તુખાર; એ પ્રશ્ન પર વિશેષ પ્રકાશ હજી સુધી પડી શક્યો નથી. વૈશાલીમાંથી ચોથી અથવા પાંચમી શતાબ્દીની એક મુદ્રા મળી છે, જેના ઉપર અગ્નિવેદી બનેલી છે. તથા ગુપ્ત બ્રાહ્મીનો લેખ પણુ એના ઉપર છે. આવી મુદ્રાઓ સર જોન માર્શલને ભીટાના ખોદકામમાંથી પણુ મળી હતી. ડૉ. સ્પૂનરનું અનુમાન છે કે, આ મુદ્રાઓથી એ પત્તો લાગે છે કે, તે એક-બે ન હોવાથી તે એ ઈરાની પ્રભાવની દ્યોતક છે, જેનો સંબંધ કાબૂલના કોઈ રાજકુલ સાથે ન રહેતાં બિહારમાં સ્વતંત્રરૂપે ફાલ્યાફૂલ્યા ઈરાની પ્રભાવ સાથે છે. આ મુદ્રા ઉપર भगवत आदित्यस्य લેખ હોવાથી આ મુદ્રાનો સંબંધ કોઈ સૂર્યમંદિર સાથે હોઈ શકે છે અને પ્રાય : એ મંદિર ભારતમાં વસેલા ઈરાનીઓનું હોય. કેમકે જો એ મંદિર હિંદુઓનું હોત તો મુદ્રા પર ઈરાની અગ્નિવેદી ન હોત. ડૉ. સ્પૂનરનું કહેવું છે કે, ઈરાની પ્રભાવ અને સૂર્યપૂજા પટના અને ગયા જિલ્લામાં ગુપ્તકાળથી અધિક પુરાણી હતી અને એનો સંબંધ કાબૂલના ચોથી શતાબ્દીના કુષાણો સાથે ન રહેતાં એ પરદાર માટીની મૂર્તિઓ સાથે છે, જેનો કાળ મૌર્ય અથવા શુંગ છે. ( એન. રિ. આ. સ. ઈ. ૧૯૧૩-૧૪, પ૦ ૧૧૮-૧૨૦)

બસાઢની માટીની મૂર્તિઓ પર ઈરાની પ્રભાવ જાણુવા માટે આપણે એ મૂર્તિઓના વિષયમાં પણુ કંઈક જાણી લેવું જોઈએ. ખોદકામમાંથી બે માટીનાં મસ્તક મળ્યાં છે. તેમાંથી એક વર્તુલાકાર ટોપ પહેરેલું છે અને બીજાએ ચાંચવાળી ટોપી. બંને વિદેશી માલૂમ પડે છે. આ મૂર્તિઓનો કાળ શુંગ અથવા મૌર્ય માનવામાં આવ્યો છે. ( એજન, પૃ૦ ૧૦૮) ડૉ. ગાર્ડન આ કાળ સાથે સહમત નથી ( જર્નલ આફ ધિ ઇંડિયન સોસાયટી ઑફ ઓરિયંટલ આર્ટ, વા૦ ૯, પૃ૦ ૧૬૪) તેમનું કહેવું છે કે, તેમાં ચક્રદાર (radiate) શિરોવસ્ત્રવાળું શિર ગંધારકળાના સુવર્ણયુગનું દ્યોતક છે અને તેનો કાળ ઇ. સ. પૂર્વ પહેલી શતાબ્દી છે. બીજું મસ્તક સાંચામાં ઢાળેલી ઇંડોસિથિયન અથવા ઇંડોપાર્થિયન મૂર્તિઓ સાથે સમતા ધરાવે છે અને તેનો સમય પણુ ઈ. સ. પૂર્વ પહેલી શતાબ્દીનો છે. ડૉ. ગાર્ડન આ મસ્તકોને એટલા માટે જ મૌર્ય નથી માનતા કે એનો સંબંધ મૌર્યકાલીન માટીની મૂર્તિઓ સાથે ન હોતાં ઇ. સ. પૂર્વ પ્રથમ શતાબ્દીની ભારતમાં ઠેર ઠેર મળી આવેલી મૃણ્મૂર્તિઓ સાથે છે. બસાઢમાં રમકડાંની પટ્ટીઓ પણુ મળી છે, જેમાં સ્ત્રી-મૂર્તિને પાંખો લગાડેલી છે. ડો. સ્પૂનર આ પાંખોને બાણુલનું અર્પણુ માને છે અને તેમનો વિચાર છે કે, પર્સિપોલિસની ઇરાની કળાથી થતો આ પ્રભાવ ભારતમાં આવ્યો. આ મૂર્તિઓ ઇરાનથી સીધી ન આવતાં બસાઢમાં જ બની હતી. અને એ વાતથી ડો. સ્પૂનર એ નિષ્કર્ષ કાઢે છે કે મૌર્યકાળમાં પણુ ઈરાની પ્રભાવ બિહારમાં વિદ્યમાન હતો. ( આ. સ. રિ. એજન, પૃ. ૧૧૬ ) પરંતુ ડો. ગાર્ડન શ્રી. કાડ્રિંગ્ટન સાથે સહમત થતાં આ પાંખોવાળી સ્ત્રીમૂર્તિઓનો સમય સાંચીકળાની પછીનો યુગ અર્થાત્ ઈ. પૂ. પ્રથમ શતાબ્દી માને છે. ( ગાર્ડન, એજન, પૃ. ૧૫૭ ) આ મૂર્તિઓનો સમય ત્યાં સુધી બરાબર નિશ્ચિત નહિ થઈ શકે જ્યાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સુધી ખોદકામ તદ્દન વૈજ્ઞાનિક રીતે કરવામાં ન આવે. જણાય છે કે, બસાઢના સ્તરોમાં કંઈક ઉલટપાલટ થઈ જવાથી ઉપર-નીચેની વસ્તુઓ ઘણીખરી મળી ગઈ છે. ( સ્પૂનર, એજન, પૃ. ૧૧૪) રહી હવે ઈરાની પ્રભાવની પ્રાચીનતાની વાત. મૌર્યકાળમાં વિશેષે કરીને અશોકકાળની કળામાં કેટલાક અલંકરણો ઇરાની કળાથી લેવામાં આવ્યાં છે. પરંતુ આવેલો એ પ્રભાવ ક્ષણિક હતો કે તેનો વિસ્તાર થયો, એની આપણને હજી વિશેષ જાણ નથી. પરંતુ ઈરાની અથવા એમ કહીએ કે ઈરાની ભાષા બોલનારા શકો ઈ. સ. પૂર્વ પ્રથમ શતાબ્દીમાં મથુરા સુધી આવી પહોંચ્યા, એ વેપારી અથવા યાત્રીરૂપે નહિ પરંતુ વિજેતા બનીને. ત્યારે તેમની સાથે આવેલી ઈરાની કળાની ભારતીય કળા ઉપર છાપ પડવી અવશ્યંભાવી હતી અને તેના ફળ સ્વરૂપે આપણે ભારતીય કળામાં વિદેશી વસ્ત્રોથી આચ્છાદિત ટોપી પહેરેલા મધ્ય એશિયાના લોકોનાં દર્શન કરીએ છીએ. કુષાણકાળમાં એક એવા વર્ગની મૃણ્-મૂર્તિઓનું પ્રચલન થયું જે કેવળ વિદેશીઓનું પ્રદર્શન માત્ર કરે છે. ડૉ. ગાર્ડને બહુ સૂક્ષ્મ અધ્યયન પછી એવી મૃણ્-મૂર્તિઓનો સમય ઈ. સ. પૂર્વે પહેલી શતાબ્દીથી લઈને ઈ. સ. ની ત્રીજી શતાબ્દી સુધીનો રાખ્યો છે. બસાઢની ઈરાની પ્રભાવથી પ્રભાવિત મૃણ્-મૂર્તિઓ પણ આ જ સમયની છે, જે બિહાર પર મુરુંડ-કુષાણ રાજ્યની એક માત્ર પ્રાચીન નિશાની છે. ભવિષ્યના પુરાતત્ત્વવેત્તાઓનું એ કર્તવ્ય હોવું જોઈએ કે એવા પ્રમાણોને એકઠાં કરે, જેનાથી પૂર્વ ભારતના શકો અને કુષાણો સાથેનો સંબંધ પ્રગટ થાય. એમ કરવાથી ઈતિહાસની ઘણી ખરી વાતો આપણી સામે આવી જશે તથા જૈન ઐતિહાસિક અનુશ્રુતિઓના કેટલાક અબોધ્ય અંશો પર પણ પ્રકાશ પડશે.

પાટલીપુત્રના પૂર સંબંધી પ્રમાણોની 'તપાસ કરતાં આપણે નિમ્નલિખિત નિષ્કર્ષો પર પહોંચીએ છીએ :

(૧) રાજા કલ્કીના રાજકાળમાં પૂર આવ્યું. તે રાજા બધા ધર્મના સાધુઓ અને ભિક્ષુઓને સતાવતો હતો. (૨) તે કયો ઐતિહાસિક રાજા હતો, તે સંબંધે ઐતિહાસિકોનો એકમત નથી. તે પુષ્યમિત્ર હોય, જેમ મુનિ પુણ્યવિજયજીનો અભિપ્રાય છે, તે સંભવિત નથી; કેમકે પુરાતત્ત્વનાં પ્રમાણો અનુસાર પૂર ઈ. સ. ની પહેલી અથવા બીજી શતાબ્દીમાં આવ્યું. સંભવતઃ કલ્કી પુરાણોનો વિશ્વસ્ફર અથવા કુષાણ લેખોનો વનસ્ફર રહ્યો હોય. (૩) જો ' તિત્થોગાલી 'ના આચાર્ય પાડિવત અને ચૂર્ણિઓ તેમજ ભાષ્યોના પાદલિપ્ત[સૂરિ] એક જ હોય તો પૂર ઈ. સ. ની પહેલી અથવા બીજી શતાબ્દીમાં આવ્યું; કેમકે આ જ પાદલિપ્ત[સૂરિ] નો સમય માનવામાં આવે છે. (૪) પુરાણો અને ચીની સાહિત્યના પ્રમાણોના આધારે મુરુંડ જો પાદલિપ્ત-[સૂરિ] ના સમકાલીન હતા, તો તે આ જ કાળમાં થયા. (૫) એ સંભવિત છે કે, પૂરવાળી ઘટના કુષાણ રાજ્યના આરંભમાં બની હોય; કેમકે એક બાહ્ય સંસ્કૃતિવાળા દેશની પ્રાચીન સંસ્કૃતિ સાથે દ્વન્દ્વ થવાની ધાર્મિક અસહિષ્ણુતા અને તેના ફળસ્વરૂપ પ્રાચીન ધર્મના અનુયાયીઓ ઉપર અત્યાચાર થવો એ ન બનવા જેવી ઘટના નથી. ' તિત્થોગાલી 'ના કલ્કીનો અત્યાચાર તથા પૌરાણિક વિશ્વસ્ફાણિ, જે સંભવતઃ કુષાણ અભિલેખોનો વનસ્ફર હતો, તેનું અનાર્ય કાર્ય કદાચ ઈ. સ. ની પહેલી શતાબ્દીઓની રાજનૈતિક અને સાંસ્કૃતિક ઉથલપાથલનું પ્રતીક છે. (૬) પુરાતત્ત્વથી આજ સુધી મુરુંડ અને કુષાણોનો પૂર્વ ભારતના સંબંધ પર વિશેષ પ્રકાશ નથી પડયો, છતાંયે મૃણ્-મૂર્તિઓના આધારે એમ કહી શકાય કે શક-સંસ્કૃતિનો પ્રભાવ બિહારમાં ઈ. સ. પૂર્વે પ્રથમ શતાબ્દીમાં પડી ચૂકયો હતો અને પાછળથી તે વધતો રહ્યો. [ અપૂર્ણ ]

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# આપણાં મહાજનો

લેખક : શ્રીયુત રતિલાલ મફાભાઈ શાહ

માનવે જ્યારથી સમૂહજીવન શરૂ કર્યું છે, ત્યારથી એને એક બીજા પર આધાર રાખવો પડતો હોઈ પારસ્પરિક સંબંધમાંથી સંઘશક્તિ નિર્માણ થતી રહી છે. છતાં એને વ્યવસ્થિત આકાર આપી એક સંઘરૂપે વ્યક્તિઓને જોડવાનું કાર્ય ભગવાન પાર્શ્વનાથે કર્યું હતું. એ પહેલાં સંઘો નહોતા એમ નથી. પણ પ્રતિજ્ઞાબદ્ધ જૂથરૂપે-ખાસ કરીને ધાર્મિકક્ષેત્રમાં-એવા સંઘો સ્થાપી સંસ્થાઓ ઊભી કરવાનો એમણે જ પ્રથમ આરંભ કર્યો હતો એમ આજના વિદ્વાનો માને છે. ભગવાન મહાવીરે એ સંઘોને વધારે વ્યવસ્થિત કરી નવો પ્રાણ પૂર્યો હતો, અને સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકાઓના અલગ અલગ સંઘો નિર્માણ કરી એક પ્રકારનું નવ સંગઠિત બળ પેદા કર્યું હતું. આને લીધે પાછળથી અનેક આક્રમણો તથા પડતીના સમયમાં પણ એ સંઘો ટકી રહ્યા હતા, એટલું જ નહીં, ત્યારે પણ અન્ય સમાજ તથા રાજ્યસત્તા પર પ્રભાવ પાથરવા જેટલી શક્તિ સાચવી રહ્યા હતા. હરેક ગ્રામ નગરોમાં ઊભેલી મહાજન સંસ્થાઓ જે આજ સુધી ટકતી આવી છે અને હજુ પણ એનો પ્રભાવ ઠીક ઠીક અંશે જળવાઈ રહ્યો છે એ એની સેવા અને સંઘશક્તિને જ આભારી છે. મધ્યયુગમાં તથા પાછળના સમયમાં નથી મળ્યો એને રાજ્યાશ્રય કે નથી વધ્યું એનું સંખ્યાબળ; અને સંખ્યાબળ તો એનું એકધારું ઘટતું જ રહ્યું છે. છતાં એણે નાના સમુદાય વચ્ચે રહીને પણ જે સત્તા જમાવી રાખી છે, એની પાછળ સંઘોની બુદ્ધિ, શક્તિ અને તેજસ્વિતા હતી; અહિંસાની ભાવના અને જીવદયાની લાગણી હતી. સાથે કુનેહ ને ઊંડી સમજ ઉપરાંત દીર્ઘદૃષ્ટિપણું પણ હતું; અને એથી જ મહાજનો આદરપાત્ર બની સમાજને દોરનાર બન્યા હતા. સામાન્ય ગ્રામજનતા પણ એમનામાં વિશ્વાસ મૂકીને એમના પ્રભાવ, આજ્ઞા અને દોરવણી નીચે ચાલવામાં અને પોતાના પ્રશ્નો એમના હાથમાં સોંપવામાં ગૌરવ અનુભવતી. સંઘના સૂત્રધારો પણ જનતાના વડિલ તરીકે પોતા પર નંખાયેલી જવાબદારી ઉઠાવવામાં જાગ્રત રહેતા તેમજ જનતાના પ્રશ્નો-સુખદુઃખ-પોતાનું કરી માનતા, ન્યાય-નીતિ જાળવીને અહિંસાની ભાવનાથી એનો તોડ પણ કાઢતા. પ્રસંગ આવ્યે વિરોધીને નમાવવાનું બળ પણ દાખવતા અને પાછળથી એને દિલથી જીતીને પણ આ રીતે એ પોતાનું વડિલત્વ સાર્થક કરતા.

હજુ ગઈ કાલ સુધી મહાજનો કેવી રીતે કામ લેતા તેનો કંઈક ખ્યાલ માંડલમહાજનની કામ લેવાની રીતના એકાદ બે દાખલા ઉપરથી આવી શકશે એમ માની એકાદ બે પ્રસંગો અહીં ઉતારું છું.

એક કાળે માંડલ મહાજનની ભારે હાક હતી. શક્તિ, વૈભવ, ઠાઠમાઠ, પ્રભાવ અને વહીવટમાં એ એક રજવાડા જેવું હતું. અતિવિશાળ જગ્યા ધરાવતી એની પાંજરાપોળ આજ પણ નવા આગંતુકને એના વૈભવ-પ્રભાવની યાદ આપે છે. છતાં આવા કાળમાં પણ મહાજનના શેઠિયાઓ દીર્ઘદૃષ્ટિ વાપરી વ્યવહારક અહિંસા ને ડહાપણથી કામ લેતા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




ગામને ઝાંપે આવેલા માંડલ ગામના વિશાળ તળાવમાં વિશાળ દયાધર્મી કોમોની લાગણીને માન આપી મચ્છી પકડવાની કે બીજી જીવહિંસા કરવાની સખ્ત મના હતી. છતાં કોળી–મુસલમાન જેવી કોમના લોકો કોઈ વાર છાનામાના રાત્રે માછલાં પકડતા. મહાજનના માણસોને હાથે એ ક્યારેક પકડાઈ જતા ત્યારે મહાજન એમની બંધી કરતું ને માફી માગી દંડ લઈ ફરી પાપ ન કરવાનું વચન મેળવ્યા બાદ બંધી છોડી દેતું. ત્યાં સુધી ભાગ્યે જ કોઈ એની સાથે આપ–લેનો વ્યવહાર રાખવાની હિંમત કરી શકતું. એક વાર કોળી માછલાં મારતાં પકડાઈ ગયો. એની બંધી થઈ. માફી માગતાં એક મણ જુવારનો એનો દંડ કરવામાં આવ્યો, પણ એ અત્યંત ગરીબ હતો. ઘરમાં ખાવા નહોતું. છોકરાં ભૂખે ટળવળતાં હતાં. એથી એ દંડ ભરી શકે તેમ નહોતો. એણે દંડ માફ કરવા ખૂબ કાલાવાલા કર્યા, પણ મહાજનના શેઠ મોહનલાલ ત્રિકમે પ્રતિષ્ઠા સાચવવા અને ધાક બેસાડવા એનો દંડ માફ ન કર્યો, એ નિરાશ થઈ ઘેર ગયો. પણ ઘેર જતાં જોયું તો મોહનલાલ શેઠે એને ત્યાં છોકરાંઓને ખાવા બે મણ જુવાર મોકલી આપી હતી. સાથે દંડ ભરવાની તાકીદ પણ કરી હતી. કોળી શેઠ પાસે પાછો આવ્યો અને કૃતજ્ઞતાના ભાર નીચે દબાઈ શેઠના પગે પડી ક્ષમા યાચતો રડી પડ્યો. આ હતી દુશ્મનના દિલને પણ સમજવાની અને જીતવાની મહાજનની વ્યવહારિક અહિંસા અને દીર્ઘદૃષ્ટિભર્યું ડહાપણ. પરિણામ એ આવતું કે એથી મહાજનનો પ્રભાવ જામતો, ચોમેર એની હાક બોલાતી. અને છતાં દુશ્મન પણ દુશ્મન મટી સેવક બનતો અને તેથી એનામાં રહેલા શુભ અંશો ઉપર ઊઠી આવી એ કંઈક અંશે સુધરી પણ જતો.

રૂપાભાઈ કુંભારને એક વાર મહાજન સાથે કંઈક આંટ પડેલી જેથી એ પોતાની ઈંટો મહાજનને કોઈ પણ ભાવે આપવા તૈયાર જ નહોતો. મહાજને બીજા પાસે અઢી રૂપિયે ઈંટો વેચાતી લીધી. લેનાર ધણીએ મહાજનની પાંજરાપોળે ઈંટો–શરત પ્રમાણે–નાખવા જણાવ્યું. રૂપાભાઈએ વિચાર કર્યો કે જો ઈંટો નાખવા માટે પણ મહાજન પાસે જવાનું છે તો હું જ શા માટે યશ ન ખાટું ? લેનારની સંમતિ મેળવી પ્રથમનો સોદો રદ કરાવી એણે મહાજનને સવા બે રૂપિયે ઈંટો આપી, મહાજને એક લાખ ઈંટો લઈ રૂા. ૩] ભાવ ભરી દીધો. રૂપાભાઈની આંટ–કડવાશ ચાલી ગઈ અને મહાજનના દિલગજાથી આકર્ષાઈ જીવ્યો ત્યાં સુધી મહાજન સાથે ઘર જેવો સંબંધ જાળવી રહ્યો. આવી હતી મહાજનની કામ લેવાની રીત અને દિલ જીતવાની કુશળતા. પણ આજે તો આપણે આપણો પ્રભાવ પ્રતિષ્ઠા લાગવગ લગભગ ગૂમાવ્યાં છે. જે બુદ્ધિ, ચાતુર્ય, કુનેહ કે વ્યવહારિક ડહાપણ એ વૃદ્ધોએ બતાવ્યાં છે, એ આપણે આજે નથી બતાવી શકતા, જો કે દુનિયાનું વ્યાપક જ્ઞાન, ઊંડો વિદ્યાભ્યાસ, બહોળો અનુભવ અને વૈજ્ઞાનિક આવડતમાં આપણે ઠીકઠીક પાવરધા થયા છીએ, છતાં કામ લેવાની રીત, હૈયાસૂઝ કે વ્યવહારિક ડહાપણનું તો આપણે દેવાળું જ કાઢયું છે. અને એનું કારણ વધેલા વૈભવને કારણે આવેલું મિથ્યાભિમાન, ધનમોહને કારણે વધેલી વણિકવૃત્તિ, કાયદાના અભ્યાસને કારણે વધેલી ખુમારી, વિકૃતિ પામેલું સ્વમાન, બીજાને સમજવાની અનુદારતા, ઉપરાંત અસમયજ્ઞતા, વ્યવહારુ કૌશલ્યની ખામી અને તોડ કાઢવામાં નડતું મિથ્યાભિમાન વગેરે વ્યાધિઓમાં આપણે સપડાયા છીએ એ છે.

[ જુઓ : અનુસંધાન ટાઇટલ પેજ ત્રીજું ]

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# સ્નાત્રપૂજા

લેખક : પૂજ્ય પં. શ્રીધુરંધરવિજયજી

**ઉપક્રમ :**–શ્રીતીર્થંકર પરમાત્મા તીર્થંકરના ભવના આગલા ત્રીજા ભવે તીર્થંકર-નામકર્મ નિકાચિત કરે છે ત્યાંથી દેવનો ભવ ક્વચિત્ નારકનો ભવ કરી મનુષ્યક્ષેત્રમાં કર્મ-ભૂમિમાં તીર્થંકર રૂપે જન્મે છે. દિશાકુમારી સૂતિકર્મ કરે છે અને ઇન્દ્રો મેરુપર્વત ઉપર પ્રભુને લઈ જઈ જન્માભિષેક કરે છે. સૂત્રગ્રન્થોમાં આ પ્રસંગનું વિશિષ્ટ વર્ણન મળે છે.

ભવ્યાત્માઓ ઇન્દ્રોના એ ભક્તિકર્તવ્યનું અનુકરણ કરી વિવિધ પ્રકારે જન્મસ્નાત્રનો ઉત્સવ ઉજવે છે. વિધિવિધાનના ગ્રન્થોમાં એ સ્નાત્ર અંગે પણ ખાસ વિધાનો છે. ભાવવાહી સંસ્કૃત-પ્રાકૃત સૂક્તોના પાઠપૂર્વક જ્યારે સ્નાત્રમહોત્સવ થતો હોય ત્યારે મેરુપર્વત ઉપર ઇન્દ્રોના સ્નાત્રમહોત્સવનો આભાસ ખડો થાય છે.

**પં. શ્રીદેવચંદ્રજી કૃત-સ્નાત્રપૂજા :**

છેલ્લાં ત્રણસો વર્ષમાં આ વિધાને સ્નાત્રપૂજા તરીકે વિશિષ્ટ સ્થાન પ્રાપ્ત કર્યું છે. પ્રચલિત સ્નાત્રપૂજાઓમાં પ્રાચીન કોઈ હોય તો તે પં. શ્રીદેવચંદ્રજી કૃત સ્નાત્રપૂજા છે. તેમાં પ્રથમ ગાથા અને ઢાળ કહેવાપૂર્વક વર્તમાન-ચોવીશીના આદિ-શાન્તિ-નેમિ-પાર્શ્વ-ને વીર એ પાંચ પ્રભુને કુસુમાંજલિ કરવાની છે.

જો કે અહીં પ્રચલિત વિધિ પ્રમાણે પ્રભુના ચરણ-જાનુ-હસ્ત-ખભા-અને મસ્તક એમ પાંચ સ્થળે પૂજા કરવાનું છે પણ ગાથા અને ઢાળની રચનાને તે બંધબેસતુ નથી. ચાલુ વિધિ પ્રચલિત શાથી થયો તે જોવાનું રહે છે.

ત્યારબાદ ત્રીજા ભવે જિન નામકર્મ નિકાચિત કરે ત્યારથી આરંભીને યાવત્ મેરુપર્વત પર જન્માભિષેક ઉજવ્યા બાદ પ્રભુને માતા પાસે મૂકી ઇન્દ્રાદિ દેવો નંદીશ્વર જઈ ઉત્સવ કરે ત્યાં સુધીનું સંક્ષિપ્ત છતાં ભાવવાહી સર્વજિન-સામાન્ય વર્ણન છે. આ રચનામાં તે સમયમાં સ્વાભાવિક ગણાતી ભાષા છે કે જે અત્યારે પ્રાકૃતપ્રચુર લાગે છે.

શ્રીદેવચન્દ્રજીનું આત્મલક્ષી પદ્ય સાહિત્યરચનામાં વિશિષ્ટ સ્થાન છે. તેઓ ખરતર-ગચ્છના હોવા છતાં અન્યોની જેમ ગચ્છનો આગ્રહ તેમની કૃતિઓમાં દેખાતો નથી, છતાં પ્રસ્તુત સ્નાત્રપૂજામાં 'ખરતરગચ્છ જિન આણારંગી' એ પદ આવી ગયું છે; ને એ પદ આ સ્નાત્રપૂજાને સર્વગચ્છ સાધારણ એકસરખી કરવામાં આડે આવતું હોય એમ લાગે છે.

**પં. શ્રીવીરવિજયજી કૃત સ્નાત્રપૂજા :**

આ પછી પં. શ્રી વીરવિજયજી મહારાજ તથા પં. શ્રી રૂપવિજયજી મહારાજ કૃત સ્નાત્રપૂજાઓ આવે છે. તેમાં શ્રી. વીરવિજયજી મહારાજની સ્નાત્રપૂજા વર્તમાનમાં ખૂબ પ્રચલિત અને પ્રસિદ્ધ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



'સરસશાન્તિ સુધારસસાગર'થી આરંભીને 'ઘરઘર હર્ષવધાઈ' સુધીની આ કૃતિ સંખ્યાબંધ ભવ્ય આત્માઓને કંઠે રમી રહી છે. અનેક સ્થળોમાં પ્રતિદિન પ્રાતઃસમયે આ કૃતિના મધુર શબ્દો શ્રવણગોચર થતા હોય છે. આ કૃતિ આટલી વ્યાપક થવામાં પ્રધાન કારણ કોઈ હોય તો તે શ્રીવીરવિજયજી મહારાજની કવિત્વશક્તિ છે. આ કૃતિમાં પ્રથમ સાત કુસુમાંજલિ કરવાની છે. તેમાં પાંચ જિન ઉપરાંત ચોવીશ જિનને અને સર્વજિનને એમ બે કુસુમાંજલિ આવે છે. પછી તો શ્રી દેવચંદ્રજી કૃત સ્નાત્રપૂજા પ્રમાણે જન્મકલ્યાણકનું વર્ણન છે. શ્રીદેવચંદ્રજી કૃત સ્નાત્રપૂજા તેનું વિશિષ્ટ અનુકરણ છે એમ કહીએ તો અયથાર્થ નથી.

છેલ્લે કર્તાએ પોતાની પરંપરા આપી છે તે આ પ્રમાણે—

શ્રીસિંહસૂરીશ્વરજી
|
પં. સત્ય વિ. ગણી
|
પં. કર્પૂર વિ. ગણી
|
પં. ક્ષમા વિ. ગણી
|
શ્રી સુજસ વિ. મ.
|
શ્રી. શુભ વિ. મ.
|
પં. વીરવિજયજી મ.

આ સ્નાત્રપૂજા તેમણે કઈ સાલમાં રચી છે તેનો ઉલ્લેખ નથી. છતાં તેમનો રચના સમય ૧૯ મી સદીનો ઉત્તરાર્ધ છે એટલે તે દરમિયાન આ રચના થઈ છે એ સ્પષ્ટ છે.

### પં. શ્રીરૂપવિજયજી કૃત સ્નાત્રપૂજા:

શાસ્ત્રીય દૃષ્ટિએ કૃતિવિશિષ્ટ હોવા છતાં પ્રચારની દૃષ્ટિએ પાછળ પડી ગયેલી સ્નાત્રપૂજા. પં. શ્રી રૂપવિજયજી મ.ની છે. વસ્તુ સમાન હોવા છતાં આ કૃતિમાં રચના-સ્વાતંત્ર્ય સારું જળવાયું છે. કવિત્વ કે ભાવની અપેક્ષાએ પણ આમાં કોઈ પણ પ્રકારની ન્યૂનતા નથી. છતાં આ પ્રચલિત નથી બની તેમાં પ્રધાન કારણ કોઈ હોય તો તે સુકુમાર જનતાને અનુરૂપ અર્થ અને શબ્દની સુકુમારતા પૂર્વમાં જેવી છે તેવી નથી એ જ છે.

શરૂઆતમાં સાત કુસુમાંજલિઓ છે. ત્યારબાદ પૂર્વવત્ સર્વ વર્ણન છે. પણ પૂર્વ કરતાં અહીં કાંઈક વિસ્તાર છે. શરૂમાં વીશ સ્થાનકના નામો છે. શ્રેણિકની માફક કોઈ એક બે પદને આધારે એમ સ્પષ્ટ કર્યું છે. ચ્યવન કલ્યાણકમાં સ્વપ્નદર્શન ઉપરાંત ઇન્દ્રો આવે અને તીર્થંકર માતાને સ્તવીને પાછા ફરે, ઉત્તમ ભાવના ભાવે ઇત્યાદિ છે.

જન્મ કલ્યાણકમાં અહો અને પ્રકૃતિનું વર્ણન થોડું વિસ્તારથી વર્ણવ્યું છે. પછી દિશાકુમારી ઉત્સવ, ઇન્દ્ર-મહોત્સવનું વર્ણન છે. આઠ જાતિના કળશા કેવા પ્રકારે-કેટલી સંખ્યામાં હોય છે, બીજાં પૂજોપકરણ પણ કેવાં હોય છે, કયા કયા સ્થળેથી જલ-ઔષધિ વગેરે લાવે છે, કેવાં ફૂલો વપરાય છે ઇત્યાદિ સર્વ વિસ્તાર છે. આ પ્રમાણે વર્ણનનો વિસ્તાર હોવા છતાં આ સ્નાત્રપૂજા પૂર્વની સ્નાત્રપૂજાઓ કરતાં વધુ પડતી લાંબી ન થઈ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એ એની ખૂબી છે. આ કૃતિની રચના પૂજ્ય શ્રી. વિજયજિનેન્દ્રસૂરિજીના રાજ્યે કરવામાં આવી છે અને પં. સત્યવિજયજી મહારાજથી પોતે થયા ત્યાં સુધી પરંપરા જણાવવામાં આવી છે. આ સ્નાત્રપૂજાનો રચનાસમય પણ ૧૯ સદીનો ઉત્તરાર્ધ છે. પં. રૂપવિજયજી મહારાજે રચેલી પૂજાઓ વીશસ્થાનક, પીસ્તાલીશ આગમ, પંચજ્ઞાન અને પંચકલ્યાણકનો રચનાકાળ ૧૮૮૩થી ૧૮૮૯ સુધીનો છે એટલે તે ગાળામાં આ સ્નાત્રપૂજા પણ રચી હશે એમ સંભાવના કરી શકાય.

### શ્રીદેવપાલ કૃત સ્નાત્રપૂજા:

અન્ય સ્નાત્રપૂજાની જેમ આ સ્નાત્રપૂજા સર્વજિન સાધારણ નથી. આમાં પ્રથમ પાંચ કુસુમાંજલિ પછી શ્રી આદિજિન જન્માભિષેક કલશ છે અને પછી શ્રીપાર્શ્વજિન-જન્માભિષેક કલશ છે.

ભાષાની દૃષ્ટિએ પ્રાકૃત શબ્દોનો વિશેષ ઉપયોગ છે. કર્તાએ આ રચના કયે સમયે કરી વગેરે ખાસ ઉલ્લેખ કર્યો નથી. આ રચનાની પ્રસિદ્ધિ સ્નાત્રપૂજા તરીકે થઈ છે છતાં આનું સ્થાન સ્વતંત્ર બે કળશ તરીકે રહે એ વિશેષ સમુચિત છે.

દેવપાલની અન્ય કૃતિઓ તથા પરંપરા સમ્બન્ધી વિશેષ હકીકત જાણવામાં આવી નથી.

### શ્રીશાન્તિજિન કળશ:

સ્નાત્રપૂજાના અંગ તરીકે શ્રી જ્ઞાનવિમલસૂરિ મહારાજનો શ્રીશાંતિનાથ જિનકળશ પણ સારી રીતે પ્રચલિત થયેલ છે. આ કળશમાં શ્રીશાંતિજિનના ચ્યવન કલ્યાણક અને જન્મ કલ્યાણકનું વર્ણન છે. સ્વપ્નનો અધિકાર વિસ્તારથી અને રોચક ભાષામાં છે. દિશા-કુમારીનો અધિકાર 'દિશિકુમરી કરે સુઈકમ્મ' કહીને સૂચન માત્રથી સંક્ષેપી લીધો છે. પછી ઇન્દ્રકૃત અને નરપતિકૃત જન્મમહોત્સવનું વર્ણન કરી કળશ સમાપ્ત કર્યો છે.

કવિત્વની છટા સાથે આ કળશ સરસ ભાવવાહી છે, આ સિવાય અન્ય કળશો પણ ઉપલબ્ધ થાય છે અને તેનો ઉપયોગ વિશિષ્ટ વિધિવિધાનો પ્રસંગે થાય છે.

### સંખ્યાપ્રમાણ:

ઉપર જણાવેલ સ્નાત્રપૂજાઓ વગેરેનું પ્રમાણ નીચે પ્રમાણે છે:-

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૧. | શ્રી દેવચંદ્રજી | કૃત | સ્નાત્રપૂજા | ૬૧ | ગાથા | પ્રમાણ |
| ૨. | શ્રી વિરવીયજી | કૃત | ,, | ૫૦ | ,, | ,, |
| ૩. | શ્રી રૂપવિજયજી | કૃત | ,, | ૭૫ | ,, | ,, |
| ૪. | શ્રી દેવપાલ | કૃત | કળશો | ૧૩ | ગાથા | કુસુમાંજલિની |
| ૫. | શ્રી જ્ઞાનવિમલસૂરિ કૃત શ્રી શાન્તિજિન | | | ૨૧ | ,, | શ્રીઆદિજિનકળશની |
| | કળશ ૪૦ ગાથા પ્રમાણ | | | ૧૬ | ,, | શ્રીપાર્શ્વજિનકળશની |


સર્વ મળી ગાથા પ્રમાણ.

આ સ્નાત્રપૂજાઓ અને કળશોમાં એવા વિશિષ્ટ ભાવો યોજાયા છે કે જેનું ચિન્તન અને મનન કરવાથી અનેક વિષયો જાણવા મળે છે અને ભાવોલ્લાસમાં અનેરો વધારો થાય છે આ સર્વનું એ દૃષ્ટિએ વિશિષ્ટ સંપાદન થવું પણ જરૂરી છે.

ભવ્યાત્માઓ ભક્તિરસના વિશિષ્ટ અનુષ્ઠાનોના રસિક બની ભક્તિભર નિર્ભર અન્તઃકરણવાળા બને એ જ અભિલાષા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# જીવનશોધનનાં સોપાન સંબંધી જૈન તેમજ અજૈન મંતવ્યો

લેખક :—પ્રો૦ શ્રીયુત હીરાલાલ ર. કાપડિયા. એમ. એ.

[ ગતાંક થી ચાલુ ]

## અજૈન દર્શનોમાં આત્મોન્નતિનો ક્રમ

**જૈન** દર્શનના અભ્યાસીને આ વિષય જાણવો આવશ્યક હોવાથી એ હું વિચારું છું. જૈન સાહિત્યમાં આત્માની ઉન્નતિના ક્રમને અંગે વ્યવસ્થિતતા અને સાંગોપાંગતા જેટલા પ્રમાણમાં નિરૂપાયેલી જોવાય છે, તેટલા પ્રમાણમાં એ અન્ય ભારતીય દર્શનોમાં જણાતી નથી. વૈદિક સાહિત્યમાં ઉપનિષદો વગેરેમાં અધ્યાત્મનો વિષય ચર્ચાયો છે ખરો, પરંતુ આત્મોન્નતિના વિકાસનો ક્રમ વ્યવસ્થિત અને સાંગોપાંગ રીતે આલેખતા એવા કોઈ વૈદિક ગ્રંથો હોય તો તે મહર્ષિ પતંજલિકૃત **યોગદર્શન** ઉપરનું **વ્યાસે** રચેલું ભાષ્ય અને **યોગવાસિષ્ઠ** છે. [1]

[ ૪ ]

પતંજલિએ મોક્ષના સાધનરૂપે યોગનું વર્ણન યોગદર્શનમાં કર્યું છે. અહીં યોગનો અર્થ 'આધ્યાત્મિક વિકાસના ક્રમની ભૂમિકા, એ છે. જે ભૂમિકામાં યોગનો પ્રારંભ થાય છે, એ ભૂમિકાથી માંડી, તે યોગ ક્રમે ક્રમે કરીને પુષ્ટ બનતાં બનતાં એ સોળે કળાએ ખીલે ત્યાં સુધીની ચિત્તની તમામ ભૂમિકાઓનો આધ્માત્મિક વિકાસક્રમમાં સમાવેશ થાય છે. યોગનો પ્રારંભ જે ભૂમિકામાં થાય છે એની પૂર્વેની ભૂમિકાઓ એ આધ્યાત્મિક અવિકાસની ભૂમિકાઓ છે. [2]

આ વાતને લક્ષ્યમાં રાખી **વ્યાસે** ચિત્તની નીચે મુજબ પાંચ ભૂમિકાઓ દર્શાવી છે.

(૧) ક્ષિપ્ત, (૨) મૂઢ, (૩) વિક્ષિપ્ત, (૪) એકાગ્ર અને (૫) નિરુદ્ધ.

આ પાંચેનું સ્વરૂપ **યોગદર્શન** ( પાદ ૧, સૂ. ૧ ) ના ભાષ્ય અને વાચસ્પતિ મિશ્રની ટીકાને આધારે પં. સુખલાલજીએ નીચે મુજબ રજૂ કર્યું છે:—જે ચિત્ત સદા રજોગુણની અધિકતાને લઈને અનેક વિષયોમાં પ્રેરાતું હોવાથી અત્યંત અસ્થિર રહે છે તે 'ક્ષિપ્ત' કહેવાય છે.

જે ચિત્ત તમોગુણની અધિકતાને લઈને નિદ્રાવૃત્તિવાળું બને તેને 'મૂઢ' કહે છે.

---

૧-૨. જુઓ ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય તરફથી વિ. સં. ૧૯૮૫માં પ્રસિદ્ધ થયેલ **આધ્યાત્મિક વિકાસ ક્રમ** નામનો પં. સુખલાલજીનો નિબંધસંગ્રહ ( પૃ. ૫ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જે ચિત્ત અસ્થિરતા વિશેષ હોવા છતાં કોઈ કોઈવાર પ્રશસ્ત વિષયોમાં સ્થિરતા અનુભવે તે 'વિક્ષિપ્ત' કહેવાય છે.

જે ચિત્ત એક–તાન એટલે કે સ્થિર બની જાય તેને 'એકાગ્ર' કહે છે

જે ચિત્તમાં સર્વે વૃત્તિઓનો વિરોધ થઈ ગયો હોય અને ફક્ત સંસ્કારો જ બાકી રહ્યા હોય તેને 'નિરુદ્ધ' કહે છે.

'ક્ષિપ્ત' અને 'મૂઢ' એ બે ભૂમિકાઓ અવિકાસ સૂચવે છે. પહેલી ભૂમિકામાં રજોગુણની પ્રબળતા હોવાથી અને બીજીમાં તમોગુણની પ્રબળતા હોવાથી એકેય મુક્તિની પ્રાપ્તિનું કારણ બની શકતી નથી. એટલું જ નહિ પણ એ તો બલ્કે મુક્તિની બાધક છે. આથી એ યોગ–કોટિમાં ગણુવાલાયક નથી એટલે કે એ ક્ષિપ્ત અને મૂઢ એ બે ચિત્તની સ્થિતિઓમાં આધ્યાત્મિક અવિકાસ હોય છે.

'વિક્ષિપ્ત' નામની ત્રીજી ભૂમિકા એ અવિકાસ અને વિકાસના મિશ્રણ રૂપ છે. એમાં વિકાસ કરતાં અવિકાસનું જોર ઘણું વધારે છે. વિક્ષિપ્ત ચિત્ત કોઈ કોઈ વાર સાત્ત્વિક વિષયોમાં સમાધિ મેળવે છે ખરું પણ એ સમાધિની સામે અસ્થિરતા એટલી બધી હોય છે કે એને લઇને એ પણ યોગ કોટિમાં ગણાવાલાયક નથી.

'એકાગ્ર' નામની ચોથી ભૂમિકામાં વિકાસનું બળ વધે છે, અને એ વધતાં વધતાં 'નિરુદ્ધ' નામની પાંચમી ભૂમિકામાં પૂર્ણતાને પામે છે. આ 'એકાગ્ર' અને 'નિરુદ્ધ' એ બે જ ચિત્તને સમયે જે સમાધિ હોય છે તે 'યોગ' કહેવાય છે. એકાગ્ર ચિત્તના સમયના યોગને 'સંપ્રજ્ઞાત યોગ' અને નિરુદ્ધ ચિત્તના સમયના યોગને 'અસંપ્રજ્ઞાત યોગ' કહે છે.

કહેવાનું તાત્પર્ય એ છે કે 'ક્ષિપ્ત' 'મૂઢ' અને 'વિક્ષિપ્ત' એ ત્રણ ભૂમિકાઓમાં અવિકાસ–કાળ હોય છે, જ્યારે છેલ્લી બે ભૂમિકાઓમાં— 'એકાગ્ર' અને 'નિરુદ્ધ' નામની બાકીની બે ભૂમિકાઓમાં આત્મોન્નતિનો ક્રમ હોય છે. આ પાંચ ભૂમિકાઓની પછીની સ્થિતિ તે મોક્ષ–કાળ છે.

[ ૫ ]

**યોગવાસિષ્ઠ** એ એક જાતનું **રામાયણ** છે. એથી તો એનું **યોગવાસિષ્ઠ રામાયણ** એવું નામ છે. એની રચના ક્યારે થઈ એ બાબત વિદ્વાનોમાં મતભેદ છે. ડૉ. વિન્તર્નિત્સના અને એસ. એન. દાસગુપ્તના મતે એ ઈ. સ. ની આઠમી સદીનો ગ્રંથ છે, જ્યારે ડૉ. વી. રાઘવનના મતે એની રચના ઈ. સ. ૧૧૦૦ થી ૧૨૫૦ ના ગાળામાં થઈ છે.

આ ગ્રંથનો મુખ્ય વિષય વસિષ્ઠ અને રામચન્દ્ર વચ્ચેનો સંવાદ છે. એ સંવાદ દ્વારા વસિષ્ઠ રામચન્દ્રને મુક્તિ મેળવવાનો ઉપાય વિસ્તારથી સમજાવે છે. વાલ્મીકિએ અરિષ્ટનેમિને એ સંવાદ સંભળાવ્યો હતો. યોગવાસિષ્ઠમાં અગસ્ત્ય સુતીક્ષ્ણને બોધ કરાવવા માટે 'વાલ્મીકિ–અરિષ્ટનેમિ' સંવાદ કરે છે.

**યોગવાસિષ્ઠના** પ્રારંભમાં—'વૈરાગ્ય' પ્રકરણ ( અ. ૧ ) માં રામાવતાર માટે ત્રણ કારણો દર્શાવાયાં છે. રામચન્દ્ર સોળ વર્ષની વયે વિરકત બને છે. વિશ્વામિત્રના કહેવાથી વસિષ્ઠ એમને વિસ્તૃત ઉપદેશ આપે છે. એનું એ ફળ આવે છે કે રામચન્દ્ર નિર્લિપ્ત રહીને પોતાનું કર્તવ્ય બજાવે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અંતિમ પ્રકરણમાં—નિર્વાણ–પ્રકરણ ( અ. ૧૩. ૨૩. ) માં કાક ભુશુંડીના જન્મની તેમજ એના સુમેરુ ઉપરના નિવાસની કથા અપાઈ છે. [1] **રામકથા** ( પૃ. ૨૬૦ ) પ્રમાણે કાક ભુશુંડીની કથા સૌથી પ્રથમ યોગવસિષ્ઠ માં મળે છે.

યોગવાસિષ્ઠમાં ચેતનની સ્થિતિના સંક્ષેપમાં બે ભાગ કરાયા છે: (૧) અજ્ઞાનમય અને (૨) જ્ઞાનમય. અજ્ઞાનમય સ્થિતિ એટલે અવિકાસ-કાળ અને જ્ઞાનમય સ્થિતિ એટલે વિકાસ–કાળ. વિકાસ–કાળ પછીનો કાળ તે મોક્ષ–કાળ છે.

અજ્ઞાનમય સ્થિતિના સાત વિભાગ કરાયા છે. એ દરેકને ' ભૂમિકા ' કહેવામાં આવે છે. એ સાત ભૂમિકાનાં નામ નીચે પ્રમાણે છે.

(૧) બીજ–જાગ્રત, (૨) જાગ્રત, (૩) મહાજાગ્રત, (૪) જાગ્રત–સ્વપ્ન, (૬) સ્વપ્ન–જાગ્રત અને (૭) સુષુપ્તક.

આ જાતનું સ્વરૂપ આપણે વિચારીએ તે પૂર્વે જ્ઞાનમય સ્થિતિના પણ સાત ભાગ કરી એ દરેકને ' ભૂમિકા ' તરીકે ઓળખાવી એનાં જે નીચે મુજબ નામો અપાયાં છે તે નોંધી લઈએ :—

(૧) શુભેચ્છા, (૨) વિચારણા, (૩) તનુમાનસા, (૪) સત્ત્વાપત્તિ, (૫) અસંસક્તિ (૬) પદાર્થાભાવની અને (૭) તુર્યગા.

બીજ–જાગ્રત વગેરે સાત ભૂમિકાઓનું વર્ણન ઉત્પત્તિ–પ્રકરણ ( સર્ગ: ૧૧૭)માં અપાયું છે. એ ઉપરથી પં. સુખલાલજીએ નીચે મુજબ ઉલ્લેખ કર્યો છેઃ—

"( ૧ ) પહેલી ભૂમિકામાં અહંત્વમમત્વની બુદ્ધિની જાગૃતિ નથી હોતી, માત્ર તેવી -જાગૃતિની બીજ રૂપે યોગ્યતા હોય છે, તેથી તે ' બીજ–જાગ્રત ' કહેવાય છે. આ ભૂમિકા વનસ્પતિ જેવા ક્ષુદ્ર નિકાયમાં માની શકાય.

( ૨ ) બીજી ભૂમિકામાં અહંત્વમમત્વની બુદ્ધિ અલ્પાંશે જાગે છે તેથી તે ' જાગ્રત ' કહેવાય છે. આ ભૂમિકા કીટ, પતંગ, પશુ, પક્ષીમાં માની શકાય.

( ૩ ) ત્રીજી ભૂમિકામાં અહંત્વમમત્વની બુદ્ધિ વિશેષ શુદ્ધ હોય છે, તેથી તે ' મહાજાગ્રત' કહેવાય છે. આ ભૂમિકા મનુષ્ય, દેવ આદિમાં માની શકાય.

( ૪ ) ચોથી ભૂમિકામાં જાગ્રત અવસ્થાના મનોરાજ્ય–ભ્રમનો સમાવેશ થાય છે. જેમકે એકને બદલે બે ચંદ્ર દેખાવા, છીપમાં રૂપાનું ભાન અને ઝાંઝવામાં પાણીની બુદ્ધિ. આ હેતુથી આ ભૂમિકા ' જાગ્રત–સ્વપ્ન ' કહેવાય છે.

( ૫ ) પાંચમી ભૂમિકામાં નિદ્રા વખતે આવેલ સ્વપ્નનું જાગ્યા બાદ જે ભાન થાય છે, તેનો સમાવેશ થાય છે, તેથી તે ' સ્વપ્ન ' કહેવાય છે.

( ૬ ) છઠ્ઠી ભૂમિકામાં વર્ષોનાં વર્ષો સુધી ચાલુ રહેલ સ્વપ્નનો સમાવેશ થાય છે. આ સ્વપ્ન શરીરપાત થયા છતાં પણ ચાલુ રહે છે, તેથી તે ' સ્વપ્ન–જાગ્રત ' કહેવાય છે.

---

૧ જુઓ હિન્દી પરિષદ્, વિશ્વવિદ્યાલય, પ્રયાગથી ઈ. સ. ૧૯૫૦ માં પ્રકાશિત **રામ–કથા** ( પૃ. ૧૬૩–૪ ) આ પુસ્તકના પ્રણેતા રેવરેંડ ફાધર કામિલ બુલ્કે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



(૭) સાતમી ભૂમિકા ગાઢ નિદ્રાની હોય છે, જેમાં જડ જેવી સ્થિતિ થઈ જાય છે અને કર્મો માત્ર વાસનારૂપે રહેલાં હોય છે, તેથી તે 'સુષુપ્તિ' કહેવાય છે.

ત્રીજીથી સાતમી સુધીની પાંચ ભૂમિકાઓ સ્પષ્ટપણે મનુષ્યનિકાયમાં અનુભવાય છે."

શુભેચ્છા વગેરે સાત ભૂમિકાઓ વિષે યોગવાસિષ્ઠના ઉત્પત્તિ-પ્રકરણ (સ. ૧૧૮)માં તેમજ એના નિર્વાણ-પ્રકરણ (સ. ૧૨૦)માં નિરૂપણ છે. એ ઉપરથી પં. સુખલાલજીએ નીચે મુજબ તારણ કર્યું છે:—

"(૧) હું મૂઢ જ શા માટે રહું? હવે તો શાસ્ત્ર અને સજ્જન દ્વારા કાંઈક આત્માવલોકન કરીશ એવી વૈરાગ્યપૂર્વક જે ઇચ્છા તે 'શુભેચ્છા.'

(૨) શાસ્ત્ર અને સજ્જનના સંસર્ગપૂર્વક વૈરાગ્યાભ્યાસને લીધે જે સદાચારમાં પ્રવૃત્તિ થવી તે 'વિચારણા.'

(૩) શુભેચ્છા અને વિચારણાને લીધે જે ઇન્દ્રિયોના વિષયોમાં આસક્તિ ઘટે છે તે 'તનુમાનસા' કહેવાય છે, કારણ કે તેમાં સંકલ્પ ઓછા હોય છે.

(૪) (પૂર્વની) ત્રણ ભૂમિકાઓના અભ્યાસથી ચિત્ત સુદ્ધામાં પણ વિરતિ થવાથી સત્ય અને શુદ્ધ એવા આત્મામાં જે સ્થિતિ થવા પામે છે તે 'સત્ત્વાપત્તિ.'

(૫) પૂર્વની ચાર ભૂમિકાઓના અભ્યાસથી અને સમાધિના અસંગરૂપ પરિપાકથી એવી અવસ્થા થાય છે કે જેમાં ચિત્તની અંદર નિરતિશય આત્માનંદનો ચમત્કાર પુષ્ટ થયેલ હોય છે તે 'અસંસક્તિ' ભૂમિકા.

(૬) (પૂર્વની) પાંચ ભૂમિકાઓના અભ્યાસથી પ્રગટ થયેલ આત્મારામ સ્થિતિને લીધે એક એવી દશા પ્રાપ્ત થાય છે કે બાહ્ય ને આભ્યંતર બધા પદાર્થોની ભાવના છૂટી જાય છે. દેહયાત્રા ફક્ત બીજાના પ્રયત્નને લઈ ને ચાલે છે તે પદાર્થાભાવની ભૂમિકા.

(૭) (પૂર્વની) છ ભૂમિકાઓના અભ્યાસને લીધે ભેદભાવનું ભાન બિલકુલ શમી જવાથી જે એક માત્ર સ્વભાવનિષ્ઠા પ્રાપ્ત થાય છે તે 'તુર્યગા

આ સાતમી તુર્યગાવસ્થા જીવન્મુક્તમાં હોય છે. વિદેહ-મુક્તનો વિષય ત્યાર બાદની તુર્યાતીત અવસ્થા છે."

સાત અજ્ઞાનમય ભૂમિકાઓમાં અજ્ઞાનનું જોર વિશેષ છે, એથી એ અવિકાસ-કાળમાં ગણાય, જ્યારે સાત જ્ઞાનમય ભૂમિકાઓમાં જ્ઞાનનું બળ ક્રમે ક્રમે વધતું જાય છે એથી એ વિકાસ-કાળમાં ગણાય.

સાતમી જ્ઞાનમય ભૂમિકામાં જ્ઞાન પૂરેપૂરું ખીલે છે. એથી એના પછીની અવસ્થા તે મોક્ષ-કાળ છે.

⊙

**આકૃતિઓ**—ઉપશમ-શ્રેણિ અને ક્ષપક-શ્રેણિનું સત્વર અને સુગમ રીતે સંતુલન થઇ શકે તે માટે ઉપસંહાર તરીકે એ બેનું સ્વરૂપ હું નીચે મુજબની આકૃતિઓ દ્વારા આલેખું છું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## નવમું ગુણસ્થાને

ગુણ. ૧૦ | સંજ્વલન લોભ | ૧

અપ્રત્યા૦ લોભ | પ્રત્યા૦ લોભ | ૨

સંજ્વલન માયા | ૧

અપ્રત્યા૦ માયા | પ્રત્યા૦ માયા | ૨

સંજ્વલન માન | ૧

અપ્રત્યા૦ માન | પ્રત્યા૦ માન | ૨

સંજ્વલન ક્રોધ | ૧

અપ્રત્યા૦ ક્રોધ | પ્રત્યા૦ ક્રોધ | ૨

પુરુષ વેદ | ૧

હાસ્ય | રતિ | અરતિ | શોક | ભય | જુગુપ્સા | ૬

સ્ત્રી-વેદ | ૧

નપુંસક-વેદ | ૧

ગુણ૦ ૬-૭ | મિથ્યા-મોહ | મિશ્ર-મોહ | સમ્યગ્-મોહ | ૩

ગુણ૦ ૪-૭ | અનંતા૦ ક્રોધ | અનંતા૦ માયા | અનંતા૦ માયા | અનંતા૦ લોભ | ૪

ઉપશમ શ્રેણિ (૨૮)

૧ મનુષ્યાનુપૂર્વી ઇત્યાદિ | ૧૨

દેવગતિ વગેરે પ્રકૃતિઓ | ૧૩

પાંચ જ્ઞાનાવરણ | ચાર દર્શનાવરણ | પાંચ અંતરાય | ૧૪

નિદ્રા-દ્વિક | ૨

સંજ્વલન લોભ | ૧

સંજ્વલન માયા | ૧

સંજ્વલન માન | ૧

સંજ્વલન ક્રોધ | ૧

પુરુષ વેદ | ૧

હાસ્ય | રતિ | અરતિ | ભય | શોક | જુગુપ્સા | ૬

સ્ત્રી-વેદ | ૧

નપુંસક-વેદ | ૧

૧૩ નામ પ્રકૃતિ | ૩ દર્શનાવરણ | ૧૭

અપ્ર. ક્રોધ | પ્ર૦ ક્રોધ | અપ્ર. માન | પ્ર૦ માન | અપ્ર. માયા | પ્ર૦ માયા | અપ્ર. લોભ | પ્ર૦ લોભ | ૮

સમ્યક્ત્વ મોહનીય | ૧

મિશ્ર મોહનીય | ૧

મિથ્યાત્વ મોહનીય | ૧

અનંતા૦ ક્રોધ | અનંતા૦ માન | અનંતા૦ માયા | અનંતા૦ લોભ | ૪

ક્ષપક-શ્રેણિ

[ ચાલુ ]

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પ્રશ્નોત્તર-કિરણાવલી

પ્રયોજક :—પૂજ્ય આચાર્ય શ્રી.વિજયપદ્મસૂરિજી

[ ગતાંક વર્ષ : ૧૭ : અંક : ૧૨ થી ચાલુ ]

**૬૩. પ્રશ્ન**—ચોથી દીપ્રાદૃષ્ટિ ક્યારે પ્રગટ થાય?

**ઉત્તર**—જ્યારે ધર્મ સાધવામાં નિરંતર ઉદ્યમ કરવાનું મન થાય અને પદાર્થનો સૂક્ષ્મબોધ ભલે ન હોય તોપણ તત્ત્વોને પરમ ઉલ્લાસથી સાંભળવાની નિર્મલ ઉત્કંઠા થાય ત્યારે સમજી લેવું કે દીપ્રાદૃષ્ટિ પ્રગટ થઈ છે. આ દૃષ્ટિમાં ભવ્ય જીવ જિનેશ્વર ભગવંતે કહેલા ધર્મને પોતાના પ્રાણથી પણ વહાલો ગણે છે ને ધર્મને માટે પ્રાણનો પણ ત્યાગ કરવા તૈયાર થાય છે તેમજ પ્રાણના સંકટમાં પણ ધર્મનો ત્યાગ કરતો નથી. ૬૩.

**૬૪. પ્રશ્ન**—પાંચમી સ્થિરાદૃષ્ટિ ક્યારે પ્રગટ થાય?

**ઉત્તર**—જ્યારે સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ક્રિયાને સારભૂત માનવાની નિર્મલ ભાવના થાય, અને હૃદયમાં રત્નની કાંતિની જેમ નિર્મલ તત્ત્વશ્રદ્ધા પ્રગટ થાય અને ક્રોધાદિ કષાય પ્રત્યે તિરસ્કારભાવ પ્રગટ થવાથી કષાયની મંદતા થાય ત્યારે સમજી લેવું કે સ્થિરાદૃષ્ટિ પ્રગટ થઈ છે. આ દૃષ્ટિમાં જીવને યથાર્થ સમ્યગ્દર્શન ગુણ જરૂર પ્રગટ થાય છે, તેથી તે જીવ ઉત્તમ ધાર્મિક અનુષ્ઠાનોની યથાશક્તિ પરમ બહુમાનથી સાધના કરે છે અને કદાગ્રહને સેવતો નથી. ૬૪.

**૬૫. પ્રશ્ન**—છઠ્ઠી કાન્તાદૃષ્ટિનું અને સાતમી પ્રભાદૃષ્ટિનું સ્વરૂપ શું?

**ઉત્તર**—જેમાં તારાના પ્રકાશ જેવો બોધ હોય, નિશ્ચલ તત્ત્વની શ્રદ્ધા હોય અને ઘણા અર્થને સમજવાની શક્તિ હોય અને સમ્યક્ત્વ મોહના દલિયાંનો અનુભવ ચાલુ હોય તે કાન્તાદૃષ્ટિ જાણવી. તથા જેમાં સૂર્યના પ્રકાશ જેવો બોધ હોય અને તત્ત્વોમાં નિશ્ચલ રુચિ હોય અને જે કુદર્શનરૂપ અંધકારને દૂર કરવામાં સૂર્યના જેવી હોય તે પ્રભાદૃષ્ટિ કહેવાય. ૬૫.

**૬૬. પ્રશ્ન**—આઠમી પરાદૃષ્ટિનું સ્વરૂપ શું?

**ઉત્તર**—જેમાં તત્ત્વરુચિ બહુ જ નિર્મલ હોય, ને ચંદ્રમાના જેવો બોધ હોય તથા કષાયનો ઉદય શાંત (બહુમંદ) હોય, અને વિષયવાસના તદ્દન નાશ પામે છે તે પરાદૃષ્ટિ કહેવાય. આ દૃષ્ટિવાળા મહાત્માપુરુષો ધર્મસંન્યાસને પામેલા હોવાથી કૃતકૃત્ય બને છે. કહ્યું છે કે—

तन्नियोगान्महात्मात्र कृतकृत्यस्तथा भवेत् ।
यथाऽयं धर्मसंन्यासः विनियोगान्महामुनिः ॥१॥ ६६

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**૬૭. પ્રશ્ન**—એ આઠ દષ્ટિઓમાં કઈ કઈ દષ્ટિઓ મિથ્યાત્વભાવમાં હોય અને કઈ કઈ દષ્ટિઓ સમ્યક્ત્વ ભાવમાં હોય?

**ઉત્તર**—શરૂઆતની ચાર દષ્ટિઓ મિથ્યાત્વભાવમાં હોય છે એટલે ચાર દષ્ટિ સુધી જીવને મિથ્યાત્વપણું હોય છે અને છેલ્લી ચાર દષ્ટિઓ સમ્યક્ત્વભાવમાં હોય છે. એટલે સ્થિરાદષ્ટિમાં સમ્યગ્દર્શન ગુણ પ્રગટ થતો હોવાથી સ્થિરાદષ્ટિ વિગેરે ચાર દષ્ટિઓ સમ્યક્ત્વભાવની ગણાય છે. ૬૭.

**૬૮. પ્રશ્ન**—આચારાંગ સૂત્રની નિર્યુક્તિ ટીકા વિગેરેની બીના કેવા પ્રકારની છે?

**ઉત્તર**—૧, આચારાંગ સૂત્રના કર્તા સુધર્માસ્વામી. ૨. મૂળ ગ્રંથનું પ્રમાણ બેહજાર પચીસો શ્લોક. ૩. આ સૂત્રની ઉપર ચૌદ પૂર્વધર શ્રીભદ્રબાહુસ્વામી મહારાજે ચારસો પચાસ ગાથાપ્રમાણ નિર્યુક્તિની રચના કરી છે. ૩. અધ્યયન અઠ્ઠાવીસ છે. ૪. ચૂર્ણિનું પ્રમાણ ત્યાસીસો (૮૩૦૦) શ્લોક. ૫. આ સૂત્રની ઉપર શ્રીશીલાંકાચાર્ય મહારાજે બારહજાર શ્લોકપ્રમાણ ટીકાની રચના કરી છે. આ રીતે આચારાંગ સૂત્રના અઠ્ઠાવીસ અધ્યયનને અંગે નિર્યુક્તિ વિગેરેની બીના જાણવી, આ સૂત્રમાં મુનિઓના આચાર વગેરેની મુખ્ય બીના જણાવી છે. ૬૮.

**૬૯. પ્રશ્ન**—બીજા સૂયગડાંગ સૂત્રની નિર્યુક્તિ વગેરેની બીના કેવા પ્રકારની છે?

**ઉત્તર**—બાર અંગ પૈકી આ સૂત્ર બીજા નંબરે છે. તેમાં ૧ ત્રણસોને ત્રેસઠ પાખંડીઓનું સ્વરૂપ, ૨ વીરપરમાત્માની સ્તુતિ, ૩ સંયમી આત્માએ અનુકૂળ ઉપસર્ગ સહન કરતી વખતે કેવા પ્રકારનું ધૈર્ય રાખવું જોઈએ? ૪ આર્દ્રકુમારનું જીવન, ૫ હસ્તીતાપસનું વર્ણન વિગેરે બીના આવે છે. ૨ અધ્યયન તેત્રીસ, ૩ મૂળગ્રંથનું પ્રમાણ એકવીસસો (૨૧૦૦) શ્લોક. ૪ ભદ્રબાહુસ્વામી મહારાજે બનાવેલી નિર્યુક્તિનું પ્રમાણ ગાથા અઢીસો, ૫ ચૂર્ણિનું પ્રમાણ દસહજાર શ્લોક. ૬ શીલાંકાચાર્ય મહારાજે બનાવેલી ટીકાનું પ્રમાણ બાર હજાર આઠસોને પચાસ (૧૨૮૫૦) શ્લોક. ૭. આ રીતે સૂયગડાંગ સૂત્રના અધ્યયન વિગેરેની બીના જાણવી. ૬૯.

**૭૦. પ્રશ્ન**—શ્રીસ્થાનાંગસૂત્રની ટીકા વિગેરેની બીના કેવા પ્રકારની છે?

**ઉત્તર**—૧ બાર અંગની અપેક્ષાએ આ ત્રીજું અંગ છે તેમાં પહેલા અધ્યયનમાં એક એક વસ્તુ જણાવી છે, અને બીજા અધ્યયનમાં બબ્બે વસ્તુ બતાવી છે. આ ક્રમે કરીને ત્રીજા ચોથા અધ્યયન વિગેરેમાં ત્રણ ત્રણ, ચાર ચાર વગેરે વસ્તુનું સ્વરૂપ બતાવીને છેવટે દશમા અધ્યયનમાં દશ દશ વસ્તુની બીના જણાવી છે. ચાર પ્રકારના શ્રાવકોનું સ્વરૂપ ચોથા અધ્યયનમાં જણાવાયું છે તથા કયા ચાર કારણ સેવીને સંસારી જીવ નરકને લાયક કર્મ બાંધીને નરકમાં જાય છે તે કારણોની બીના અહીં પણ ચોથા અધ્યયનમાં જણાવી છે. તેમજ કયાં નવાં કારણથી રોગની ઉત્પત્તિ થાય છે? તે બીના અને પ્રભુ મહાવીરદેવના શાસનની નિર્મળ આરાધના કરીને તીર્થંકરનામ કર્મ બાંધનારા શ્રેણિકરાજા, સુપાર્શ્વરાજા, સુલસા, રેવતી વિગેરે નવ જીવોની બીના પણ નવમા અધ્યયનમાં વર્ણવી છે. એ ઉપરાંત સાધુજીવનને અંગે અને શ્રાવક જીવનને અંગે ખાસ જરૂરી બીના પણ આ સૂત્રમાં વર્ણવી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે. ૨ આ સૂત્રના દસ અધ્યયનો છે. ૩ મૂળ ગ્રંથનું પ્રમાણ ત્રણ હજાર સાતસોને સીત્તર શ્લોક. ૪ સ્થાનાંગસૂત્ર વિગેરે નવ અંગોની ઉપર શીલાંકાચાર્ય મહારાજે પહેલાં ટીકાઓ રચી હતી પણ તેનો વિચ્છેદ થવાથી અભયદેવસૂરિ મહારાજે એ નવે અંગોની ઉપર નવી ટીકાઓ બનાવી તેમાં આ સૂત્રની ટીકાનું પ્રમાણ પંદર હજાર બસોને પચાસ શ્લોક છે. આ રીતે ઠાણાંગસૂત્રની ટીકા વિગેરેની બીના ટૂંકામાં જાણવી. ૭૦.

૭૧. પ્રશ્ન—ચોથા સમવાયાંગ સૂત્રની ટીકા વિગેરેની બીના કઈ કઈ?

ઉત્તર—૧ સમવાયાંગસૂત્ર એ ચોથું અંગ છે. આ સૂત્રમાં એકથી માંડીને એકસો આઠ વસ્તુ કઈ કઈ તે બીના અને તે ઉપરાંત ત્રણે કાલના અવસર્પિણી ઉત્સર્પિણી કાલના ચક્રવર્તી વિગેરેની પણ બીના વર્ણવી છે. ૨ મૂળ ગ્રંથનું પ્રમાણ એક હજાર છસો સડસઠ શ્લોકો છે. ૩ ચૂર્ણિનું પ્રમાણ ચારસો શ્લોક. ૪ અભયદેવસૂરિ મહારાજે બનાવેલી ટીકાનું પ્રમાણ ત્રણ હજાર સાતસોને છોત્તેર શ્લોક. આ રીતે સમવાયાંગ સૂત્રના મૂળ ગ્રંથનું પ્રમાણ વિગેરે બીના જણાવી ૭૧.

૭૨. પ્રશ્ન—પાંચમા શ્રીભગવતીસૂત્રની ટીકા વિગેરેની બીના કઈ કઈ?

ઉત્તર—૧ આ સૂત્રની અંદર ચારે અનુયોગની સ્પષ્ટ વ્યાખ્યા જણાવેલી હોવાથી આ અંગનું બીજું નામ વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ છે. જ્યારે બીજા સૂત્રોની અંદર એક એક અનુયોગનું વ્યાખ્યાન હાલ હયાત છે. ત્યારે આ શ્રીભગવતીસૂત્રની અંદર ચારે અનુયોગની બીના વર્ણવી છે. તુંગી નગરના શ્રાવકોની બીના, જયંતિ શ્રાવિકાના પ્રશ્નો, એકાંત નિર્જરાને કરનારા દાન વગેરેનું સ્વરૂપ તથા ધર્માસ્તિકાય વિગેરે છએ દ્રવ્યોનું સ્વરૂપ અહીં છત્રીશ હજાર પ્રશ્નોત્તર રૂપે વર્ણવેલું છે. ૨ આ ભગવતીસૂત્રમાં અનેક ઉદ્દેશાના સમુદાયરૂપ શતકની સંખ્યા એકતાલીશ છે. ૩ મૂળ સૂત્રોનું પ્રમાણ પંદર હજાર સાતસો ને બાવન શ્લોક છે. ૪ ચૂર્ણિનું પ્રમાણ ચાર હજાર શ્લોક. ૫ આ સૂત્રની ઉપર હાલ બે ટીકાઓ હયાત છે. પહેલી શ્રીઅભયદેવ મહારાજે બનાવેલી ટીકા–તેનું પ્રમાણ અઢાર હજાર છસોને સોલ શ્લોક પ્રમાણ છે. અને બીજી ટીકા શ્રીદાનશેખરસૂરિએ બનાવી છે તેનું પ્રમાણ આશરે બાર હજાર શ્લોક પ્રમાણ સંભવે છે. આ રીતે સર્વાનુયોગમય પંચમાંગ શ્રીભગવતીસૂત્રની ટીકાનું પ્રમાણ વિગેરેની બીના ટૂંકામાં જાણવી. ૭૨

૭૩. પ્રશ્ન—છઠ્ઠા અંગની ટીકાનું પ્રમાણ વિગેરે બીના કઈ કઈ?

ઉત્તર—૧ આ છઠ્ઠા અંગનું નામ જ્ઞાતાધર્મકથાંગ છે અને આ સૂત્રની અંદર દ્રૌપદીનું તથા શૈલક રાજર્ષિ વિગેરેનું વર્ણન આવે છે ૨ આ સૂત્રના ઓગણીસ અધ્યયનો છે ૩ મૂળ ગ્રંથનું પ્રમાણ પાંચ હજાર પાંચસો શ્લોક ૪ શ્રીઅભયદેવસૂરિમહારાજે બનાવેલી ટીકાનું પ્રમાણ ચાર હજાર બસો ને બાવન શ્લોક છે. આ રીતે છઠ્ઠા અંગની બીના ટૂંકામાં જાણવી. ૭૩. [ ચાલુ ]

★

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# નવી મદદ

| | | |
|---|---|---|
| ૧૦૧) | પૂ. પં. શ્રીકાન્તિવિજયજી મ. ના ઉપદેશથી શ્રીતપાગચ્છ જૈન સંઘ. | કોઠ |
| ૫૦) | પૂ. આ. શ્રીવિજયઅમૃતસૂરીશ્વરજી મ. ના ઉપદેશથી શ્રીનમિનાથ જૈન દેરાસર, ૩૭૯/ભીંડીબજાર. | મુંબઈ |
| ૨૫) | પૂ. પં. શ્રીવિદ્યાવિજયજી મ. ના ઉપદેશથી પારી પાનાચંદ વ્રજલાલ શેઠ. | કપડવંજ |
| ૨૫) | શ્રી. જૈન આત્માનંદ સભા. | ભાવનગર |
| ૨૫) | પૂ. પં. શ્રીભાનુવિજયજી મ. ના ઉપદેશથી શ્રીવીરવિજયજી મહારાજનો ઉપાશ્રય ભઠ્ઠીની બારી. | અમદાવાદ |
| ૨૫) | પૂ. પં. શ્રીતેમવિજયજી મ. ના ઉપદેશથી શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ. | ડીસા |
| ૨૨) | શેઠ કાળીદાસ ઉમાભાઈ ટંકશાળ, (બે વર્ષની મદદના) | અમદાવાદ |
| ૧૫) | પૂ મુ. શ્રીગૌતમસાગરજી મ ના ઉદેપશથી શ્રી જૈન સંઘ. | મહેમદપુર |
| ૧૦) | પૂ. મુ. શ્રીચંદ્રકાંતસાગરજી મ. ના ઉપદેશથી શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી. | બોટાદ |
| ૧૧) | પૂ. મુ. શ્રીમણિવિજયજી દાદાના ઉપદેશથી શેઠ વારૈયા ગોપાલજી નારાયણ, ત્રાપજવાળા. | તળાજા |
| ૧૦) | પૂ. પં. શ્રીસુમતિવિજયજી મ. ના ઉપદેશથી શ્રી જૈન સંઘ. | નોંઘણવદર |
| ૭) | પૂ. મુ. શ્રીચંદ્રોદયવિજયજી મ. ના ઉપદેશથી શ્રીજૈન સંઘ. | લોદરા |
| ૫) | પૂ. પં. શ્રીદર્શનસાગરજી મ. ના ઉપદેશથી શેઠ આણંદજી કલ્યાણજી. | લીંબડી |
| ૫) | પૂ. મુ. શ્રીપદ્મવિજયજી મ. ના ઉપદેશથી શેઠ આણંદજી મંગળજીની પેઢી. | ઈડર |
| ૫) | પૂ. મુ. શ્રીનિરંજનવિજયજી મ. ના ઉપદેશથી શ્રી જૈન સંઘ, | દહેગામ |
| ૫) | પૂ. મુ. શ્રીમણિવિજયજી દાદાના ઉપદેશથી શેઠ ધરમશી મૂળજી. | તળાજા |
| ૫) | પૂ. મુ. શ્રીમણિવિજયજી દાદાના ઉપદેશથી શેઠ પરમાનંદ મોરાર | તળાજા |
| ૫) | પૂ. મુ. શ્રીમણિવિજયજી દાદાના ઉપદેશથી શેઠ નાનચંદ ખોડીદાસ. | તળાજા |
| ૫) | પૂ. મુ. શ્રીમણિવિજયજી દાદાના ઉપદેશથી શેઠ પ્રાગજી ફૂલચંદ. | તળાજા |

★

[ અનુસંધાન પૃષ્ઠ : ૩૭ થી ચાલુ ]

એથી જો આપણે–સંઘોએ-સમાજમાં પોતાનું સ્થાન-ગૌરવ ટકાવી રાખવું હોય, પૂર્વજોનો વારસો સાચવવો હોય અને એ રીતે જનતા પર પોતાનો પ્રભાવ પાથરી એમના દિલમાં સ્થાન મેળવવું હોય તો કાળબળને ઓળખી, સમાજ સાથેના વ્યવહારો નવારૂપે ગોઠવવા પડશે મૂળ વાત તો અન્યના હૃદયને સમજવાની આવડત હોવી જોઈએ. પણ તે વ્યવહારિક અહિંસા–પ્રેમની લાગણી સિવાય ન આવે. એ માટે આપણે અતિ લોભ, મિથ્યાભિમાન અને ઉચ્ચતાના ખ્યાલો ફેરવવા પડશે અને આજના યુગમાં પીડાતા સમાજને માટે થોડું પણ કરી છૂટવાની ઉદારતા અને ત્યાગભાવ કેળવવો પડશે. જો એ આપણે નહિ કરી શકીએ તો જે રીતે આજે સામ્રાજ્ય નષ્ટ થયાં છે, જમીનદારી અને મૂડીવાદ ટુંપાઈ રહ્યો છે તેમ આપણી મહાજનશાહી પણ–જો એ સેવા મૂકી સત્તાનું રૂપ ધારણ કરશે યા તો સત્તાની શેહમાં તણાઈ એની કદમબોસી કરશે તો-એના પણ કાળ ચોઘડિયાં વાગ્યા વિના રહેવાનાઃ નથી. પણ મહાજન સંસ્થાઓ તો કેવળ સેવાભાવને જ વરેલી સંસ્થાઓ હોઈ આ દોષ દૂર કરવામાં એને સંકોચ ન હોવો જોઈએ.

[ 'પ્રબુદ્ધ જૈન' તા. ૧–૧૧–૫૨ ના અંકમાંથી ]

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Shri Jaina Satya Prakasha. Regd. No. B. 3801 श्री जैन सत्य प्रकाश

# શ્રી જૈન સત્ય પ્રકાશ

## અંગે સૂચના

### યોજના

૧. શ્રી. જૈનધર્મ સત્ય પ્રકાશક સમિતિ દ્વારા 'શ્રી. જૈન સત્ય પ્રકાશ' માસિક ૧૭ વર્ષ થયાં પ્રગટ કરવામાં આવે છે.

૨. એ સમિતિના આજીવન સંરક્ષક તરીકે રૂા. ૫૦૦) આ૦ દાતા તરીકે રૂા. ૨૦૦) આ૦ સદસ્ય તરીકે રૂા. ૧૦૧) રાખવામાં આવેલા છે. આ રીતે મદદ આપનારને માસિક કાયમને માટે મોકલવામાં આવે છે.

### વિનંતિ

૧. પૂજ્ય આચાર્યાદિ મુનિવરો ચતુર્માસનું સ્થળ નક્કી થતાં અને શેષ કાળમાં જ્યાં વિહરતા હોય એ સ્થળનું સરનામું માસિક પ્રગટ થાય એના ૧૫ દિવસ અગાઉ મોકલતા રહે અને તે તે સ્થળે આ માસિકના પ્રચાર માટે ગ્રાહકો બનાવવાનો ઉપદેશ આપતા રહે એવી વિનંતિ છે.

૨. તે તે સ્થળોમાંથી મળી આવતાં પ્રાચીન અવશેષો કે ઐતિહાસિક માહિતીની સૂચના આપવા વિનંતિ છે.

૩. જૈનધર્મ ઉપર આક્ષેપાત્મક લેખો આદિની સામગ્રી અને માહિતી આપતા રહે એવી વિનંતિ છે.

### ગ્રાહકોને સૂચના

૧. "શ્રી જૈન સત્ય પ્રકાશ" માસિક પ્રત્યેક અંગ્રેજી મહિનાની ૧૫મી તારીખે પ્રગટ થાય છે.

૨. આ માસિકનું વાર્ષિક લવાજમ રૂા. ૩) ત્રણ રૂપિયા રાખવામાં આવ્યું છે.

૩. માસિક વી. પી. થી ન મંગાવતાં લવાજમના રૂા. ૩) મનીઑર્ડરદ્વારા મોકલી આપવાથી અનુકૂળતા રહેશે.

૪. આ માસિકનું નવું વર્ષ દિવાળીથી શરૂ થાય છે. પરંતુ ગ્રાહક ગમે તે અંકથી બની શકાય

૫ ગ્રાહકોને અંક મોકલવાની પૂરી સાવચેતી રાખવા છતાં અંક ન મળે તો સ્થાનિક પોસ્ટ ઑફિસમાં તપાસ કર્યા પછી અમને સૂચના આપવી.

૬. સરનામું બદલાવવાની સૂચના ઓછામાં ઓછા ૧૦ દિવસ અગાઉ આપવી જરૂરી છે.

### લેખકોને સૂચના

૧. લેખો કાગળની એક તરફ વાંચી શકાય તેવી રીતે શાહીથી લખી મોકલવા.

૨. લેખો ટૂંકા, મુદ્દાસર અને વ્યક્તિગત ટીકાત્મક ન હોવા જોઈએ.

૩. લેખો પ્રગટ કરવા ન કરવા અને તેમાં પત્રની નીતિને અનુસરીને સુધારોવધારો કરવાનો હક તંત્રી આધીન છે.

મુદ્રક : ગોવિંદલાલ જગશીભાઈ શાહ, શ્રી શારદા મુદ્રણાલય, પાનકોર નાકા, અમદાવાદ.
પ્રકાશક : ચીમનલાલ ગોકળદાસ શાહ.
શ્રી. જૈનધર્મ સત્ય પ્રકાશક સમિતિ કાર્યાલય, જેશિંગભાઈની વાડી, ઘીકાંટા રોડ–અમદાવાદ.

For Private And Personal Use Only